અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ - ૦૪ | અંક : ૮૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કોંગ્રેસ દેશના લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે : મોદી

# GST સુધારાઓ ભારતની વિકાસ ગાથાને નવી ગતિ આપશે : મોદી

## કોંગ્રેસની સરકારો દરમિયાન કર લૂંટ થઈ હતી અને લોકો પર ભારે કરનો બોજ હતો : વડાપ્રધાને ઉત્તર પ્રદેશ ઇન્ટરનેશનલ ટ્રેડ શો (UPITS) નું ઉદ્ઘાટન કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે GST દર ઘટાડાના મુદ્દા પર જનતાને ગેરમાર્ગે દોરવા બદલ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો પર નિશાન સાધ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે ટૂથપેસ્ટથી લઈને ટ્રેક્ટર સુધીના ભાવ પર લોકો માટે કરનો બોજ ઘટાડવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારો દરમિયાન, "કર લૂંટ" થઈ હતી અને લોકો પર ભારે કરનો બોજ હતો. ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ શો (UPITS) નું ઉદ્ઘાટન કર્યા પછી પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી પેઢીના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સુધારાઓ માત્ર ત્રણ દિવસ પહેલા (૨૨ સપ્ટેમ્બર) લાગુ કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ કહ્યું કે આ એક "માળખાકીય પરિવર્તન" છે. "આ ભારતની




વિકાસ ગાથાને નવી ગતિ આપશે," તેમણે કહ્યું આ સુધારાઓ GST નોંધણીને સરળ બનાવશે, કર વિવાદો ઘટાડશે અને MSME માટે રિફંડ ઝડપી બનાવશે, જેનાથી દરેક ક્ષેત્રને ફાયદો થશે. પ્રધાનમંત્રી મોદીએ વધુમાં કહ્યું કે, "આમ છતાં, કેટલાક રાજકીય પક્ષો દેશના લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો જેઓ ૨૦૧૪ પહેલા સત્તામાં હતા તેઓ તેમની સરકારની નિષ્ફળતાઓ છુપાવવા માટે જનતાને ખોટું બોલી રહ્યા છે." PM મોદીએ કહ્યું, "સત્ય એ છે કે કોંગ્રેસ સરકારો દરમિયાન, કર દ્વારા મોટા પાયે લૂંટ કરવામાં આવી હતી અને લૂંટાયેલા પૈસા વધુ લૂંટવામાં આવ્યા હતા. દેશનો સામાન્ય નાગરિક કરના બોજથી પીડાઈ રહ્યો હતો." પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, તેમની સરકારે કરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, ફુગાવાને નિયંત્રિત કર્યો છે અને આવક અને બચત બંનેમાં વધારો કર્યો છે. તેમણે કહ્યું કે રૂપિયા૧૨ લાખ સુધીની આવકને કરમાંથી મુક્તિ આપીને અને નવા GST સુધારાઓ લાગુ કરીને નાગરિકો ફક્ત આ વર્ષે જ રૂ.૨.૫ લાખ કરોડ બચાવશે. પીએમ મોદીએ કહ્યું કે દેશ GST બચત ઉત્સવ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે GST ના હિસ્સેદારોએ ત્રણ અલગ અલગ તબક્કા જોયા છે : GST પહેલા, GST પછી, અને હવે આગામી પેઢીના GST સુધારા. આ સમયગાળા દરમિયાન, GST માળખામાં નોંધપાત્ર ફેરફારો થયા છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ પહેલા, ઊંચા કરના બોજને કારણે વ્યવસાયિક ખર્ચ અને ઘરગથ્થુ બજેટ બંનેનું સંચાલન કરવું મુશ્કેલ બન્યું હતું. તેમણે નોંધ્યું હતું કે ૨૦૧૪ પહેલા, રૂ.૧,૦૦૦ ની કિંમતના શર્ટ પર આશરે રૂપિયા૧૭૦ નો કર લાગતો હતો. ૨૦૧૭ માં GST લાગુ થયા પછી, આ કર ઘટાડીને ૫૦ કરવામાં આવ્યો હતો. ૨૨ સપ્ટેમ્બરથી સુધારેલા દરો અમલમાં આવતા વ્યક્તિઓએ હવે રૂ.૧,૦૦૦ ના શર્ટ પર ફક્ત રૂ.૩૫ નો કર ચૂકવવો પડશે. પીએમ મોદીએ સ્વદેશી પર ભાર આપતાં કહ્યું કે, ભારતને આત્મનિર્ભર બનાવવું જ પડશે. દરેક એવી પ્રોડક્ટ જે આપણે ભારતમાં બનાવી શકીએ, તે આપણે ભારતમાં જ બનાવવી છે.

### ૨૦૧૪ પહેલા, રૂ.૧,૦૦૦ના શર્ટ પર આશરે રૂા. ૧૭૦નો કર લાગતો હતો

" પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, તેમની સરકારે કરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, ફુગાવાને નિયંત્રિત કર્યો છે અને આવક અને બચત બંનેમાં વધારો કર્યો છે. તેમણે કહ્યું કે રૂપિયા૧૨ લાખ સુધીની આવકને કરમાંથી મુક્તિ આપીને અને નવા GST સુધારાઓ લાગુ કરીને નાગરિકો ફક્ત આ વર્ષે જ રૂ.૨.૫ લાખ કરોડ બચાવશે. પીએમ મોદીએ કહ્યું કે દેશ GST બચત ઉત્સવ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે GST ના હિસ્સેદારોએ ત્રણ અલગ અલગ તબક્કા જોયા છે : GST પહેલા, GST પછી, અને હવે આગામી પેઢીના GST સુધારા. આ સમયગાળા દરમિયાન, GST માળખામાં નોંધપાત્ર ફેરફારો થયા છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ પહેલા, ઊંચા કરના બોજને કારણે વ્યવસાયિક ખર્ચ અને ઘરગથ્થુ બજેટ બંનેનું સંચાલન કરવું મુશ્કેલ બન્યું હતું. તેમણે નોંધ્યું હતું કે ૨૦૧૪ ૫ હેલા, રૂ.૧,૦૦૦ ની કિંમતના શર્ટ પર આશરે રૂપિયા૧૭૦ નો કર લાગતો હતો. ૨૦૧૭ માં GST લાગુ થયા પછી, આ કર ઘટાડીને ૫૦ કરવામાં આવ્યો હતો. ૨૨ સપ્ટેમ્બરથી સુધારેલા દરો અમલમાં આવતા વ્યક્તિઓએ હવે રૂ.૧,૦૦૦ ના શર્ટ પર ફક્ત રૂ.૩૫ નો કર ચૂકવવો પડશે. પીએમ મોદીએ સ્વદેશી પર ભાર આપતાં કહ્યું કે, ભારતને આત્મનિર્ભર બનાવવું જ પડશે. દરેક એવી પ્રોડક્ટ જે આપણે ભારતમાં બનાવી શકીએ, તે આપણે ભારતમાં જ બનાવવી છે.

### લદાખ હિંસામાં ૫૦ લોકોની અટકાયત કરવામાં આવી

। (એજન્સી) લદ્દાખ, તા.૨૫ ।

લદાખમાં પૂર્ણ રાજ્ય અને છઠ્ઠા અનુસુચીના વિસ્તારની માગ કરતાં થયેલા હિંસક આંદોલનમાં પોલીસે ૫૦ આંદોલનકારીની અટકાયત કરી છે. આંદોલનકારીઓને ઉશ્કેરવાના આરોપસર કોંગ્રેસ કાઉન્સિલર વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધી છે. આ હિંસક આંદોલનમાં ચાર લોકોના મોત અને ૫૦ ઘાયલ થયા હતાં. લેહમાં આંદોલન કરી રહેલાં આંદોલનકારીઓ ઉગ્ર બનતાં પોલીસ ફાયરિંગ કરવા મજબૂર બની હતી. આ ફાયરિંગમાં થયેલા મોત માટે પોલીસે આંદોલનકારીઓને જવાબદાર ઠેરવ્યા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, બુધવારની સાંજે લદાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ચાર લોકોના મોત માટે આંદોલનકારીઓ જવાબદાર છે. આ હિંસામાં સંડોવાયેલા વ્યક્તિએ પરિણામ ભોગવવુ પડશે. અમે ઉગ્રવાદીઓ અને તેમને ઉશ્કેરનારાઓની ઓળખ કરવાનું શરૂ કર્યું છે. અત્યારસુધીમાં અમે ૫૦થી વધુ લોકોની અટકાયત કરી છે. બુધવારે સાંજે લદાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, આંદોલનકારીઓ ચાર લોકોના મોત માટે જવાબદાર હતા. અમને આશા છે કે, આ હિંસક આંદોલન પાછળ સંડોવાયેલા લોકો વિરૂદ્ધ ઝડપથી તપાસ હાથ ધરાશે. અમે વિસ્તારમાં કર્ફ્યુ લાદ્યો છે.

### ટ્રમ્પના વહીવટીતંત્રની લોટરી સિસ્ટમના સ્થાને વેતન આધારિત પ્રણાલિ લાવવા યોજના

# એચ-૧બી વિઝા પછી લોટરી સિસ્ટમ પણ ખતમ કરવા ટ્રમ્પની કવાયત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે એચ-વનબી વિઝા માટે એક લાખ ડોલરની જંગી ફી લોન્ચ કરીને તેને સાવ મૃતઃપ્રાય જેવા કરી નાખ્યા પછી હવે લોટરી સિસ્ટમ પર નજર દોડાવી છે. ટ્રમ્પ તંત્ર હવે લોટરી સિસ્ટમથી આપવામાં આવતા વિઝાને પણ ખતમ કરવાની તૈયારી આદરી છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી વેઈટેડ સિલેકશન પ્રોસેસને આધાર બનાવવા માંગે છે અને લોટરી સિસ્ટમ રદ કરવા આતુર છે. ડીએચએસ વિભાગનું કહેવું છે કે તેમનું ધ્યેય તે સુનિશ્ચિત કરવાનું છે કે એચ-૧બી વિઝા હાયર સ્કિલ્ડ એલિયન માટે




સુનિશ્ચિત કરવામાં આવે. તેની સાથે કંપનીઓને દરેક વેતન સ્તરના એચ-૧બી કામદારો માટે સલામત કરવાની તક પૂરી પાડવામાં આવે. તેમની દરખાસ્ત મુજબ આ પસંદગી વેતનના સ્તરના આધારે થવી જોઈએ. તેમ ચાર વેતન સ્તરોમાં સૌથી વધુ વેતન ધરાવતા વર્કરને સિલકશન પૂલમાં ચાર એન્ટ્રી મળવી જોઈએ. તેનું વેતન ૧,૬૨,૫૨૮ ડોલર હશે. તેની પસંદગીની સંભાવના વધી જશે. જ્યારે આ વેતન સ્તરમાં સૌથી નીચે આવનારરને એક જ એન્ટ્રી મળશે. આને સરળ શબ્દોમાં સમજવું હોય તો એમ સમજી શકાય કે મેટામાં દોઢ લાખ ડોલરનો પગાર ઓફર થયો હોય તેવા એન્જિનિયરને પાસે મલ્ટીપલ લોટરી ઉપલબ્ધ હશે, તેની સ્ટાર્ટઅપ નો જુનિયર ડેવલપર જેનો પગાર ૭૦,૦૦૦ ડોલર હશે તેને સંભવતઃ એક જ લોટરી મળશે. આનો સીધો અર્થ એમ કરી શકાય કે નાણા ચૂકવી શકવા સમર્થ ટોચની કંપનીઓ વધુ કુશળ અને કાબેલ કામદારો મેળવી શકશે. તેની સામે નાની કે સ્ટાર્ટઅપ કંપનીઓ ઓછા કુશળ કામદારો મેળવી શકશે. આના લીધે અમેરિકાના નાના ઉદ્યોગોને અને નાની કંપનીઓને ચોક્કસ મોટો ફટકો પડશે. આ પ્રકારની પ્રણાલિ ફક્ત મોટી કંપનીઓ માટે ફાયદાકારક છે. જ્યારે નાની કંપનીઓએ તો રીતસર કારોબારમાંથી બહાર જ નીકળી જવી પડે તેવી સ્થિતિ આ કાયદો પસાર થવાના કારણે સર્જાઈ શકે છે. આના લીધે સીનિયર અને હાઈલી પેઈડ કામદારોને વધુ ઊંચુ વેતન તથા નવાને વધુ નીચું વેતન મળશે. બીજા શબ્દોમાં કહીએ તા ટ્રમ્પનું આ પગલું સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમને મોટો ફટકો મારશે. આ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે ચાલતી મંત્રણા નવા જ સ્તરે પહોંચી ગઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. બંને દેશ વેપાર અને વેપાર ઉપરાંતની બાબતો પર પણ ચર્ચા કરી રહ્યા છે. ભારતના વેપાર અને વાણિજ્ય પ્રધાન પિયુષ ગોયલની આગેવાની હેઠળની ભારતીય ટીમ ત્યાં પહોંચી છે.

### સંરક્ષણ મંત્રાલયે ૯૭ તેજસ ફાઇટર જેટ ખરીદવા માટેની આપી મંજૂરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સંરક્ષણ મંત્રાલયે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ(HAL)ને ભારતીય વાયુસેના માટે ૯૭ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) માર્ક ૧છ (તેજસ) ફાઈટર જેટ ખરીદવાની મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે હિન્દુસ્તાન એરોનોટિક્સ સાથે ૬૨,૩૭૦ કરોડ રૂપિયામાં આ ડીલ કરી છે, જેમાં ટેક્સનો સમાવેશ થયો નથી. અહેવાલો અનુસાર, ૯૭ તેજસ ફાઈટર જેટમાં ૬૮ સિંગલ-સીટર ફાઈટર જેટ અને ૨૯ ડબલ-સીટર ટ્રેનર ફાઈટર જેટનો સમાવેશ થાય છે. તેજસ માર્ક ૧છની ડિલિવરી વર્ષ ૨૦૨૭-૨૮માં શરુ થશે અને છ વર્ષમાં પૂર્ણ થશે. તેમાં ૬૪ ટકાથી વધુ સ્વદેશી ઉપકરણો હશે, જે આત્મનિર્ભર ભારત પહેલને પ્રોત્સાહન આપવા તરફ એક મુખ્ય પગલું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS) દ્વારા મોટી ખરીદીને મંજૂરી આપ્યાના લગભગ એક મહિના પછી આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને સંરક્ષણ મંત્રાલય તરફથી તેજસ ફાઈટર જેટ માટે બીજો ઓર્ડર મળ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં કેન્દ્ર સરકારે HAL સાથે ૮૩ માર્ક 1A જેટ માટે ઓર્ડર આપ્યો હતો. આ ડીલ ૪૬,૮૯૮ કરોડ રૂપિયાની હતી.

### લદાખ હિંસા મુદ્દે કેજરીવાલના કેન્દ્ર પર પ્રહાર

# ભાજપ સત્તાના નશામાં આવી લોકોનો અવાજ દબાવી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

લદાખમાં થયેલી હિંસા મુદ્દે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું છે કે, ભાજપ સત્તાના નશામાં આવીને લોકોનો અવાજ દબાવી રહી છે. વાસ્તવમાં લદાખને રાજ્યનો દરજ્જો આપવા તેમજ બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સમાવવાની માંગ મુદ્દે હજારો યુવાઓ બુધવારે રસ્તા ઉપર આવી ગયા હતા, જેના કારણે લેહમાં બુધવારે ભારે હિંસા થઈ હતી. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. ભાજપ કાર્યાલયને આંગ ચાપવાની સાથે અનેક વાહનો પણ સળગાવાયા હતા. ઘટનામાં ચાર લોકોના મોત અને ૪૦ સુરક્ષા કર્મચારીઓ સહિત ૭૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનામાં રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે આ ઘટનાને અત્યંત ચિંતાજનક ગણાવી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા લખ્યું, 'દરેક સાચા દેશભક્તે લદાખના લોકોનો સાથ આપવો જોઈએ. આપણે અંગ્રેજો પાસેથી એટલા માટે આઝાદી નહોતી લીધી કે જનતા અંગ્રેજોને બદલે ભાજપની ગુલામ બની જાય.'

### સમીર વાનખેડેએ શાહરુખ ખાન વિરુદ્ધ દિલ્હી HCમાં કર્યો માનહાનિનો કેસ

। મુંબઈ, તા.૨૫ ।

શાહરુખ ખાનના દીકરા આર્યન ખાન પોતાની નેટફ્લિક સીરિઝ ધ બેડ્સ ઑફ બોલિવૂડને લઈને વિવાદમાં આવી ગયા છે. સમીર વાનખેડેએ સીરિઝમાં પોતાની છબી ખરાબ દર્શાવવાને લઈને શાહરુખ ખાન, ગૌરી ખાન, નેટફ્લિક્સ ઈન્ડિયા અને રેડ ચિલીઝ વિરુદ્ધ માનહાનિનો કેસ નોંધાવ્યો છે. વાનખેડેએ શાહરુખના દીકરા આર્યન ખાનના દિગ્દર્શક હેઠળ બનેલી પહેલી ફિલ્મને ખોટા, દુર્ભાવના પૂર્ણ અને બદનક્ષીભર્યું ગણાવી હતી. તેમણે દાવો કર્યો હતો કે આ સીરિઝ એન્ટી-ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સીઓનું ભ્રામક અને નકારાત્મક ચિત્રણ કરે છે.

### ચૂંટણી પંચે કર્યો મોટો ફેરફાર

# પોસ્ટલ બેલેટની ગણતરી બાદ જ EVMના વોટની ગણતરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

પોસ્ટલ બેલેટની ગણતરીને લઈને ચૂંટણી પંચે મોટો નિર્ણય કર્યો છે. બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે મોટો ફેરફાર કર્યો છે. નવા ફેરફાર હેઠળ હવે પોસ્ટલ બેલેટની ગણતરી થયા પછી જ EVM મતોની ગણતરી કરવામાં આવશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, EVM/VVPAT ગણતરીનો સેકન્ડ અને લાસ્ટ રાઉન્ડ પોસ્ટલ બેલેટ પૂર્ણ થયા પછી જ શરુ કરવામાં આવશે. અત્યાર સુધી પોસ્ટલ બેલેટ પહેલાં EVMની ગણતરી થઈ શકતી હતી, પરંતુ હવે VVPAT ગણતરી પૂરી થયા પછી જ પોસ્ટલ બેલેટની ગણતરી પૂર્ણ થશે. ચાલો ચૂંટણી પંચના નિર્ણય અને પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને કેવી રીતે વધુ સુવ્યવસ્થિત કરવામાં આવી છે તે જાણીએ. ૧. ચૂંટણી પંચે છેલ્લા છ મહિનામાં ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા અને પારદર્શિતા વધારવાના હેતુથી ૨૯ મહત્ત્વપૂર્ણ પહેલ કરી છે. પંચની ૩૦મી પહેલ તરીકે પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને વધુ સરળ બનાવવાનો નિર્ણય કર્યો છે.

૨. મત ગણતરીના બે મુખ્ય તબક્કા છે:

- પોસ્ટલ બેલેટ/ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ(ETPB)ની ગણતરી
- EVM દ્વારા ગણતરી

૩. ગણતરીના દિવસેઃ

- સવારે ૮:૦૦ વાગ્યે પોસ્ટલ બેલેટની ગણતરી શરુ થશે.
- EVMની ગણતરી સવારે ૮:૩૦ વાગ્યે શરુ થશે.
- પહેલાં આવુ શક્ય હતું કે, ઈફની ગણતરી પોસ્ટલ બેલેટની ગણતરી પહેલા પૂરી થઈ જાય.

૪. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો (૮૫ વર્ષથી વધુ વયના) માટે તાજેતરના પગલાંથી પોસ્ટલ બેલેટની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

૫. હવે આ નિર્ણય લેવામાં આવ્યો છે કે :- પોસ્ટલ બેલેટ પૂર્ણ થયા પછી જ EVM/VVPAT ગણતરીનો બીજો અંતિમ રાઉન્ડ શરુ કરવામાં આવશે.



## સાબરકાંઠાના હિંમતનગરમાં હૂડાનો ઉગ્ર વિરોધ શરુ થયો

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૫ ।

હિંમતનગરમાં હૂડાનો વિરોધ ઉગ્ર બન્યો છે. ખેડૂતોએ ફોર વ્હીલર કાર પાછળ બેનર લગાવ્યા છે. હિંમતનગરમાં દિન પ્રતિદિન હૂડાના કાયદાનો વિરોધ થઈ રહ્યો છે. ૧૧ ગામ પંચાયતો સહિત ખેડૂતો આ કાયદાનો વિરોધ કરી રહ્યા છે. તાજેતરમાં ખેડૂતોએ એપીએમસી માર્કેટ યાર્ડ ખાતે આ મામલે વિશાળ જાહેર સભા પણ યોજી હતી.હૂડા રદ કરવા દસ વર્ષ અગાઉ પણ હિંમતનગરના ગામોના ખેડૂતોએ આંદોલન કર્યું હતું અને હવે ફરી હૂડા અમલમાં આવતા ખેડૂતો સહીત પંચાયતો વિરોધ કરી રહી છે. ખેડૂતોને ડર છે કે હિંમતનગરના ૧૧ ગામોની ખેતીલાયક જમીન હૂડામાં જતી રહેશે અને તેથી ખેડૂતોએ તંત્રના સૂચિત વિકાસ નકશાનો વિરોધ કરી રહ્યા છે.ખેડૂતોની ફરિયાદ એ છે કે સૂચિત વિકાસ નકશામાં તેમની જમીન કપાતમાં જતી રહેશે તો તેમના બાદ શું મળશે. તે બાબતે કોઈ જાણકારી અપાઈ નથી. ફાઈનલ પ્લોટ વિશે પણ કોઈ જાણકારી અપાઈ નથી. ખેડૂતો માની રહ્યા છે કે હૂડાના કારણે સાડા સાત હજાર એકર જેટલી જમીનની હૂડામાં કપાત થઈ જશે અને હિંમનગરની આસપાસના ૧૧ ગામોની અંદાજે ૧૯ હજાર એકર જમીનને તેની અસર થશે.

## છોટાઉદેપુરના બોડેલીમાં સસ્તા અનાજની દુકાને મારામારી

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૨૫ ।

છોટાઉદેપુરના બોડેલી તાલુકાના મોરખલા ગામે સસ્તા અનાજની દુકાનમાં મારામારીની ઘટના સામે આવી છે. જેમાં અનાજ લેવા ગયેલા એક ગ્રાહક અને દુકાનદાર વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ગ્રાહક સસ્તા અનાજની દુકાને અનાજ લેવા ગયા હતા. તે સમયે દુકાનદાર અને ગ્રાહક વચ્ચે કોઈ કારણોસર તકરાર થઈ હતી. ગ્રાહકે આરોપ લગાવ્યો છે કે દુકાનદારે કોઈ પણ યોગ્ય કારણ વિના અનાજ આપવાનો ઈનકાર કર્યો હતો અને ઝઘડો કરીને માર માર્યો હતો. આ ઘટના બાદ ગ્રાહકે બોડેલી પોલીસ મથકે દુકાનદાર અને તેના પુત્ર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. ફરિયાદમાં ગ્રાહકે મારામારી ઉપરાંત એટ્રોસિટી એક્ટ હેઠળ પણ ગુનો નોંધાવ્યો છે. આ ગંભીર આરોપોને પગલે પોલીસે મામલાની તપાસ હાથ ધરી છે.આ ઘટનાનો વીડિયો વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. વીડિયોમાં ગ્રાહક અને દુકાનદાર વચ્ચે મારામારી અને ઝઘડો સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે સરકારી યોજનાઓનો લાભ લેવા જતા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ઘણી વાર આવી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા ઝડપી અને ન્યાયી તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

### અગાઉ આરોપી વિપુલ પરમારે અનેક ગુનાઓ આચર્યા હોવાનું સામે આવ્યું છે અને આ સિવાય તેણે હત્યા પણ કરી હતી

## ગાંધીનગરના આરોપી વિપુલ પરમારની ધરપકડ કરાઇ, અડાલજ લૂંટ વિથ હત્યા કેસ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

ગાંધીનગરના અડાલજ વિસ્તારમાં બનેલા લૂંટ અને હત્યાના ચકચારી કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચને મોટી સફળતા મળી છે. ક્રાઈમ બ્રાંચે આ ગુનાને અંજામ આપનાર આરોપી વિપુલ પરમારની ધરપકડ કરી લીધી છે. આ સફળતા બાદ ક્રાઈમ બ્રાંચે રાહતનો શ્વાસ લીધો છે. અડાલજમાં થયેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. અગાઉ આરોપી વિપુલ પરમારે અનેક ગુનાઓ આચર્યા હોવાનું સામે આવ્યું છે અને આ સિવાય તેણે હત્યા પણ કરી હતી. આ ઘટના બાદ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું અને આરોપીને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવવામાં આવી હતી. આ કેસની તપાસ દરમિયાન, અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ગુપ્ત માહિતી અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપી વિપુલ પરમારને ઝડપી પાડ્યો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વિપુલ પરમાર એક ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેણે ભૂતકાળમાં પણ



ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં લૂંટ અને હત્યા જેવા ગંભીર ગુનાઓ આચર્યા છે. ક્રાઈમ બ્રાંચ હવે તેના અગાઉના ગુનાઓ અંગે વધુ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. આ ધરપકડથી અડાલજ વિસ્તારના લોકોને ન્યાય મળવાની આશા જાગી છે અને પોલીસની કાર્યક્ષમતા પરનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે. નોંધનીય છે કે ગાંધીનગરમાં અડાલજ કેનાલ પાસે લૂંટ વિથ મર્ડરના ગુનામાં પોલીસને એક મહત્વની કડી હાથમાં લાગી હતી. પોલીસે બનાવ સ્થળ આસપાસના સીસીટીવી તપાસતા આશરે એકાદ વાગ્યાની આસપાસ એક શખ્સ બાઈક લઈને કેનાલના સર્વિસ રોડ પર જતો જોવા મળ્યો હતો. રાત્રે બે અઢી વાગ્યાના અરસામાં બહાર નીકળતો પણ જોવા મળ્યો હતો. પોલીસે આ ગુનાનો ભેદ ઉકેલવા માટે ઉક્ત મોડસ ઓપરેન્ડીથી ગુનાને અંજામ આપનાર આરોપીઓની નામાવલી શોર્ટ લિસ્ટ કરવામાં આવી હતી. જેમાં ભૂતકાળમાં બે વર્ષ અગાઉ લુંટ વિથ મર્ડરના ગુનાને અંજામ આપનાર એક આરોપી જામીન ઉપર છૂટીને બહાર આવ્યો હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. પોલીસે આ આરોપીને ઝડપી પાડવા ચારે દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. અમદાવાદના અડાલજ વિસ્તારની હદમાં આવતા અમીયાપુર નજીક કેનાલ પાસે યુવક અને યુવતી સાથે આ બનાવ બન્યો હતો. સરદાર નગર વિસ્તારમાં રહેતા વૈભવ મનવાણીનો જન્મદિવસ હોવાથી તે અને એક યુવતી કેનાલ પાસે ગયા હતા. વૈભવ અને યુવતી બર્થડે સેલિબ્રેટ કરી રહ્યા હતા ત્યારે કેટલાક લુખ્ખા તત્વોએ ત્યાં આવીને લૂંટ કરી હતી. લુખ્ખા તત્વોએ વૈભવ મનવાણીની છરી મારીને હત્યા કરી હતી. તો યુવતી પર પણ હુમલો કર્યો હતો.

## બગસરા નગરપાલિકા સામે ભાજપના જ નેતા મેદાને



। (માહિતી) બગસરા, તા.૨૫ ।

બગસરા નગરપાલિકામાં ભાજપના શાસન હોવા છતાં, ભાજપના જ નેતા ચિરાગ પરમારે નગરપાલિકાના વહીવટ સામે બાયો ચડાવી છે. તેમણે શહેરના ગોંડલીયા ચોકથી શિવાજી ચોક સુધીના ૨૦ દિવસ પહેલા બનેલા સી.સી.રોડમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કર્યો છે. ચિરાગ પરમારનો આરોપ છે કે, નગરપાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાકટરની મિલીભગતથી રોડનું કામ નબળી ગુણવત્તાનું કરવામાં આવ્યું છે. જેના પરિણામે, રોડનું લેવલ યોગ્ય ન હોવાથી ગંદકીનું પાણી ભરાઈ રહે છે અને વેપારીઓ તેમજ સ્થાનિક લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રોડ પર પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી વરસાદી પાણીનો ભરાવો થાય છે.ચિરાગ પરમારે નગરપાલિકાને ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો તાત્કાલિક ધોરણે રોડનું લેવલ સુધારી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં નહીં આવે તો તેઓ ઉગ્ર આંદોલન કરશે. તેમણે 'રોકો આંદોલન'ની ચીમકી ઉચ્ચારી છે અને નગરપાલિકાને તાળાબંધી કરવાની ધમકી પણ આપી છે.સ્થાનિક વેપારીઓએ પણ રોડની ખરાબ હાલત અંગે પોતાની હૈયાવરાળ ઠાલવી હતી અને આ મામલે વહેલી તકે ઉકેલ લાવવાની માંગ કરી છે.

### અગાઉથી જ દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવી હતી અને મુદત પૂરી થયા પછી પણ દબાણ ન હટાવવાથી આ કાર્યવાહી કરવી પડી છે

## દ્વારકામાં બુલડોઝર કાર્યવાહી બીજા દિવસે પણ યથાવત, રૂ. ૩.૧૫ કરોડની સરકારી જમીન દબાણમુક્ત કરાઈ

। (એજન્સી) દ્વારકા, તા.૨૫ ।

દ્વારકા જિલ્લામાં ગેરકાયદેસર બાંધકામો સામે વહીવટી તંત્રની મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરી છે. આજે આ ડ્રાઈવનો બીજો દિવસ હતો. જેમાં ચરકલાથી દ્વારકા જતા મુખ્ય રસ્તા પર સરકારી જમીન પર થયેલા અનધિકૃત દબાણોને હટાવાયું છે. આ કાર્યવાહી દરમિયાન અત્યાર સુધીમાં કુલ પાંચ ગેરકાયદેસર હોમસ્ટે સહિત અનેક ભવનોને તોડી પાડવામાં આવ્યા છે. આથી લગભગ ૫,૭૫૦ ચોરસ મીટર જેટલી કિંમતી સરકારી જમીનને દબાણમુક્ત કરીને રૂ. ૩.૧૫ કરોડનું આર્થિક નુકસાન ટાળવામાં આવ્યું છે. આ કાર્યવાહી પ્રાંત અધિકારી અમોલ આવટેના નેતૃત્વમાં દ્વારકા પોલીસ અને નગરપાલિકાની સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બુલડોઝરો ફરી વળ્યા છે. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે, અગાઉથી જ દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવી હતી અને મુદત પૂરી થયા પછી પણ દબાણ ન હટાવવાથી આ કાર્યવાહી કરવી પડી છે. જો ભવિષ્યમાં પણ ગેરકાયદેસર રીતે ધમધમતા અન્ય ભવનો પર કાર્યવાહી કરવામાં આવશે. આ ડિમોલિશન ડ્રાઈવના કારણે યાત્રાધામ દ્વારકાના વિસ્તારોમાં વ્યાપક અસર પડી છે. કારણ કે આ કાર્યવાહીમાં પાંચ અનધિકૃત બાંધકામોને તોડી પાડવામાં આવ્યા છે, જેમાં હોમસ્ટે અને અન્ય વ્યાપારી બાંધકામોનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી મુખ્ય રસ્તા પરની સરકારી જમીનને ખુલ્લી કરાવીને યાત્રીઓ અને સ્થાનિક વ્યવહારને વધુ સરળ બનાવવાનો ઉદ્દેશ છે. આ કાર્યવાહી 'દેવભૂમિ દ્વારકા કોરિડોર' વિકાસ યોજનાના ભાગરૂપે કરી હોવાનું મનાઈ રહ્યું છે. નોંધનીય છે કે, આ અગાઉ પણ દ્વારકા જિલ્લામાં આવી જ મેગા ડિમોલિશન ડ્રાઈવ ચલાવવામાં આવી હતી, જેમાં બેટ દ્વારકામાં અનેક ગેરકાયદેસર મકાનો તોડી પડાયા હતા અને હજારો ચોરસ મીટર જમીનને દબાણમુક્ત કરવામાં આવી હતી, જેની કિંમત કરોડોમાં હતી. ગત ફેબ્રુઆરીમાં પણ ધાર્મિક બાંધકામોને જમીનદોસ્ત કરી ઘણી બધી જમીનને મુક્ત કરાઈ હતી.

## અઠવાલાઇન્સ વિસ્તારમાં યુવક પર ઉપરાછાપરી બેટ વડે ૨૦ ફટકા માર્યા

### આ અચાનક થયેલા હુમલાથી રાહુલ ગભરાઈને બેલન્સ ગુમાવી બેસ્યો અને મિત્ર સાથે બાઈક પરથી જમીન પર પટકાયો

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં મિત્રતા અને અદાવતની ભેદ રેખા ભૂંસતી એક ઘટના સામે આવી છે. જુની અદાવતની રીસ રાખી ચાલુ બાઈક પર પસાર થઈ રહેલા મિત્રને બેટનો ફટકો મારી નીચે પાડી દીધો અને આટલેથી ના અટકતા આરોપીએ યુવકના માથા પર ઉપરાછાપરી બેટના અન્ય ૨૦ જેટલા ઘા માર્યા હતા. એ દરમિયાન યુવકે હેલ્મેટ ઉતારતા એક ફટકો માથા પર પણ વાગ્યો હતો. જેથી યુવકનું માંથુ ફાટી ગયું હતું અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જે સમગ્ર ઘટનાના ઝઝ્ફ સામે આવ્યા છે. પોલીસે આ મામલે ક્રોસ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. સુરતના અંબાજીના ખાંચા પાસે આવેલા સુવર્ણ પેલેસ નજીક રાત્રિના સવા દસ વાગ્યાના સુમારે ફરિયાદી રાહુલ દિલીપભાઈ નિમન પોતાના મિત્ર ભદ્રેશ શાકલે સાથે બાઈક પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે અચાનક સામેથી એક બાઈક પર બે લોકો આવ્યા હતા. જેમાંથી એક યુવક જેનું નામ પંકજ બગા હોવાનું સામે આવ્યું છે, તેણે સહેજ પણ ખચકાયા વિના પોતાની ગાડી પરથી નીચે ઉતરીને પોતાના હાથમાં રહેલા ક્રિકેટ બેટ વડે સામેથી બાઈક પર આવી રહેલા રાહુલના માથા પર જોરદાર ફટકો માર્યો હતો. આ અચાનક થયેલા હુમલાથી રાહુલ ગભરાઈને બેલન્સ ગુમાવી બેસ્યો અને મિત્ર સાથે બાઈક પરથી જમીન પર પટકાયો. આટલેથી ન અટકતા પંકજ બગાએ નીચે પડેલા રાહુલ પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું.નીચે પડ્યા બાદ પણ રાહુલ પર આરોપી એક પછી એક બેટના ફટકાઓ મારતો જ રહ્યો. પંકજે ઉપરાછાપરી સાત ફટકા માર્યા, પરંતુ રાહુલના માથા પર હેલ્મેટ હોવાથી તેનો જીવ બચી ગયો, પરંતુ હુમલાખોરોનો ગુસ્સો શાંત થયો નહીં. જ્યારે રાહુલ હેલ્મેટ ઉતારીને પોતાની સ્થિતિ સંભાળવાની કોશિશ કરી રહ્યો હતો, ત્યારે જ પંકજે ફરીથી બેટ ઉગામીને તેના માથા પર એક જોરદાર ફટકો માર્યો. આ ફટકો સીધો માથા પર વાગતા રાહુલ બેભાન થઈને જમીન પર ઢળી પડ્યો. રાહુલને કુલ આઠ ફટકા મારવામાં આવ્યા હતા. આ દરમિયાન, રાહુલના મિત્ર ભદ્રેશને પણ માર મારવામાં આવ્યો હતો. આ હુમલા પાછળનું કારણ નજીવી બાબત હોવાનું સામે આવ્યું છે. રાહુલ દિલીપભાઈ નિમનની ફરિયાદ મુજબ, ૧૭ સપ્ટેમ્બર રાત્રે તેઓ તેમના જુના ઘર પાસે એક મહિલા સાથે વાત કરી રહ્યા હતા. તે સમયે આરોપી પંકજ બગા, સુમિત બગા અને ગોપાલ બગા ત્યાં આવ્યા. મહિલા સાથે વાત કરવા બાબતે પંકજે ગાળાગાળી કરી અને ઝઘડો શરૂ કર્યો. સુમિત અને ગોપાલે રાહુલને પકડી રાખ્યો, જ્યારે પંકજે તેને ફટકો માર્યો. સુમિતે રાહુલને જાનથી મારી નાખવાની ધમકી આપીને ત્યાંથી ભાગી ગયા હતા. બીજી તરફ,પોલીસનું કેહવું છે કે, આ હુમલા પહેલા રાહુલે પંકજના ભાઈને માર માર્યો હતો, જેના કારણે આ ઘટના બની હતી. બંને પક્ષોએ સામ-સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ક્રોસ ફરિયાદો નોંધીને તપાસ હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, પોલીસે ફરિયાદમાં સામાન્ય મારામારીનો ગુનો નોંધ્યો છે. જ્યારે ઝઝ્ફમાં દેખાતા દશ્યો, ફરિયાદી દ્વારા જણાવવામાં આવેલી વિગતોનો ઉલ્લેખ પોલીસ ફરિયાદમાં કરવામાં આવ્યો નથી. હુમલા દરમિયાન મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે ભેગા થઈ ગયા હતા.

## બેજવાબદાર સરકારી અધિકારીઓ સામે ભૂપેન્દ્ર પટેલ સરકાર કડક વલણ અપનાવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

રાજ્યમાં બેજવાબદાર સરકારી અધિકારીઓ સામે ભૂપેન્દ્ર પટેલ સરકાર કડક વલણ અપનાવી રહી છે. ખાસ કરીને મહેસૂલ વિભાગના અધિકારીઓ દ્વારા ચૂંટાયેલા નેતાઓ, ધારાસભ્યો, સાંસદો, જિલ્લા પંચાયત પ્રમુખો અને સામાન્ય જનતાના ફોન ન ઉપાડવાની વધતી જતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને સરકારે લાલ આંખ કરી છે. રાજ્ય સરકારે આ અંગે એક પરિપત્ર બહાર પાડીને મહેસૂલ વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ માટે કડક ગાઈડલાઈન જાહેર કરી છે. પરિપત્ર મુજબ મહેસૂલ વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓએ ચૂંટાયેલા નેતાઓ અને જનતાના ફોન ફરજિયાતપણે ઉપાડવા પડશે. જો કોઈ કારણસર ફોન ન ઉપાડી શકાય તો બાદમાં કોલબેક કરવો પણ ફરજિયાત છે. આ ઉપરાંત, ફોન પર વાતચીત કરતી વખતે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિર્ધારિત કરાયેલી ગાઈડલાઈનનું પણ પાલન કરવું પડશે. છેલ્લા કેટલાક સમયથી સરકારને સતત એવી ફરિયાદો મળી રહી હતી કે મહેસૂલ વિભાગના અધિકારીઓ લોકો અને તેમના પ્રતિનિધિઓના ફોન કોલને અવગણી રહ્યા છે, જેના કારણે સરકારી કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે. આ ગંભીર બાબતની નોંધ લઈને સરકારે આ પરિપત્ર જાહેર કર્યો છે. આ નિર્ણયથી સરકારી કામગીરીમાં પારદર્શિતા અને જવાબદેહિતા વધશે તેવી અપેક્ષા છે.

## અમૂલ હવે તેની પ્રોડક્ટ્સ ઉપર લગાવશે QR કોડ, ગ્રાહક તેને સ્કેન કરી અસલી-નકલીની કરી શકશે ઓળખ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

રાજ્યમાં ખાણી-પાણીની નકલી વસ્તુ ઝડપાતી હોવાની ઘટના સામે આવતી હોય છે, ત્યારે બનાવટી ઘી, દૂધ અને તેના ઉત્પાદનોને લઈને અમૂલ મિલ્ક ફેડરેશને આજે (૨૨ સપ્ટેમ્બર) એક મહત્ત્વનો નિર્ણય લીધો હતો. અમૂલે તેની તમામ ઉત્પાદનો પર QR કોડ લગાવાનો નિર્ણય કર્યો છે. ડુપ્લીકેટ પ્રોડક્ટ અટકાવવા માટે અમૂલ દ્વારા આ પ્રકારનો નિર્ણય કર્યો છે, જેથી સામાન્ય લોકો પણ QR કોડ થકી પ્રોડક્ટ લગતી માહિતી મેળવી શકે. આ મામલે દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરીએ માહિતી આપી હતી. ગુજરાતમાં અમૂલ સહિતના ઉત્પાદનની ડુપ્લીકેટ ખાદ્યવસ્તુ ઝડપાતી હોવાના કિસ્સા સામે આવતા હોય છે, ત્યારે હવે અમૂલની પ્રોડક્ટનું ડુપ્લિકેશન અટકાવવા અમૂલની દૂધ, ઘી, માખણ સહિતની પ્રોડક્ટ ઉપર QR કોડ ફરજિયાત કરવામાં આવ્યો છે. આમ QR કોડ થકી ગ્રાહક જે-તે વસ્તુના ઉત્પાદન અંગે ખાતરી કરી શકે.આ મામલે અમૂલ ચેરમેન અશોક ચૌધરીએ જણાવ્યું હતું કે, બજારમાં ચાલતા ડુપ્લિકેશન અને ભેળસેળને અટકાવવા માટે આ પહેલ શરુ કરી છે. હાલ મોટાભાગના ઉત્પાદનો પર આ સુવિધા શરૂ કરાઈ છે. જોકે, આગામી દિવસોમાં અન્ય બાકી તમામ પ્રોડક્ટ પર પણ QR કોડ લાગુ કરાશે. જેથી ગ્રાહકો છેતરપિંડીથી બચી શકે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ચોથા નોરતે અમદાવાદમાં નગરદેવી શ્રી ભદ્રકાળી માતાજીના દર્શન કરીને સ્વચ્છતા અભિયાન અંતર્ગત મહા શ્રમદાનમાં સહભાગી થયા

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રીશ્રીએ 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત શાળાની વિદ્યાર્થિનીઓએ તૈયાર કરેલાં ચિત્રો નિહાળ્યા અને સ્વચ્છતાનો સંદેશો જન-જન સુધી પહોંચાડવા વિદ્યાર્થીનીઓને અનુરોધ કર્યો, પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શારદીય નવરાત્રિના ચોથા નોરતે અમદાવાદના નગરદેવી શ્રી ભદ્રકાળી માતાજીના દર્શન અને પૂજા અર્ચના કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતી ૨૫મી સપ્ટેમ્બરે સ્વચ્છતા હી સેવા અંતર્ગત મહા શ્રમદાનના કરવામાં આવેલા આયોજનમાં સહભાગી થયા હતા અને ભદ્રકાળી મંદિરના પ્રાંગણમાં સાફ-સફાઈ કરી હતી.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તારીખ ૧૭ સપ્ટેમ્બરથી રાષ્ટ્રપિતા પૂજ્ય





મહાત્મા ગાંધીજીની જન્મજયંતી બીજી ઓક્ટોબર-૨૦૨૫ સુધી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત રાજ્યમાં સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં અમદાવાદ શહેરમાં ૨.૯૭ લાખથી વધુ નાગરિકો સ્વૈચ્છિક રીતે સ્વચ્છતાની પ્રવૃતિમાં જોડાયા છે. ૧૮૭૭ મેટ્રિક ટનથી વધુ કચરો એકત્રિત કરીને તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરનાં ૫૪૯૫ જેટલા મુખ્ય રસ્તાઓ, ૩૬૭૭થી વધુ કોમર્શીયલ વિસ્તાર તેમજ ૩૨૨૯થી વધુ રહેણાંક વિસ્તારની સાફ સફાઈ પણ હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ ભદ્રકાળી મંદિર વિસ્તારમાં સફાઈ શ્રમદાનમાં સહભાગી થતા રાહે ખેર ગર્લ્સ હાઈસ્કૂલ, ખમાસાની વિદ્યાર્થીનીઓને મળીને તેમના દ્વારા સ્વચ્છતા અંગે તૈયાર કરાયેલા ચિત્રો નિહાળ્યા હતા અને સ્વચ્છતાનો સંદેશો આવી જ રીતે જનજન સુધી પહોંચાડવા વિદ્યાર્થીનીઓને પ્રેરણા આપી હતી. આ અગાઉ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે અનુપમ બ્રિજ પાસે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ વેળાએ અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, સ્થાનિક ધારાસભ્યો સર્વ શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી અમુલભાઈ ભટ્ટ, શ્રીમતી દર્શનાબેન વાઘેલા, શ્રી દિનેશભાઈ કુશવાહ, શ્રી જીતુભાઈ પટેલ, શહેરના અગ્રણીઓશ્રી પ્રેરકભાઈ શાહ અને શ્રી ભૂષણભાઈ ભટ્ટ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પદાધિકારીઓ- અધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### અવકાશયાન સૂર્યની ઉકળતી સપાટીથી ફક્ત ૬૨ લાખ કિ.મી.ના સૌથી નજીકનાઅંતરે પહોંચી ગયું છે, એક કલાકમાં ૬.૭૮ લાખ કિ.મી.

# નાસાના પાર્કર પ્રોબે અંતરિક્ષ પ્રવાસની અતિ તીવ્ર ગતિનો રેકોર્ડ નોંધાવ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા)ના પાર્કર સોલાર પ્રોબ(પીએસપી) અવકાશયાને તેની અતિ પ્રચંડ ગતિ (૬,૮૭,૦૦૦ કિલોમીટર : પ્રતિ કલાક) નો અત્યારસુધીનો વિશિષ્ટ રેકોર્ડ કર્યો છે. પાર્કર સોલા પ્રોબે ૨૦૨૫ની૧૫, સપ્ટેમ્બરે સૂર્યની કલ્પનાતીત કહી શકાય તેવી ઉકળતી સપાટીથી સૌથી નજીક જવાનો ૨૫મો પ્રયાસ પૂરો કર્યો છે. હાલ પાર્કર સોલાર પ્રોબ અવકાશયાન સૂર્યની સપાટીથી ફક્ત ૬૨ લાખ કિલોમીટરના અંતરે પહોંચી ગયું છે. આટલું અંતર અત્યારસુધીનું સૌથી નજીકનું અંતર છે. પાર્કર સોલાર પ્રોબ અવકાશયાને તેનીસૂર્યની સપાટી નજીક જવાની યાત્રા દરમિયાન ૨૦૨૫ની ૧૮,મી સપ્ટેમ્બરે ૬,૮૭,૦૦૦ કિલોમીટર(પ્રતિ કલાક)ની અતિ અતિ તીવ્ર ગતિનો રેકોર્ડ કર્યો છે.વિશ્વના કોઈ દેશના અવકાશયાને આટલી તીવ્ર ગતિએ પ્રવાસ નથી કર્યો. ખુદ પાર્કર સોલર



પ્રોબની પણ અત્યારસુધીની આ સૌથી તીવ્ર ગતિ છે. આટલી અતિ અતિ તીવ્ર ઝડપે તો પાર્કર સોલાર પ્રોબ ભારતના કશ્મીરથી કન્યાકુમારી ફક્ત ૧૯ સેકન્ડ્ઝમાં જ પહોંચી જાય. કશ્મીરથી કન્યાકુમારીનું રસ્તા દ્વારા અંતર ૩,૬૭૬ કિલોમીટર છે, જે લગભગ ૬૧ કલાકમાં પૂરું થાય છે. આ ગણતરીએ પાર્કર સોલાર પ્રોબ અવકાશયાન અફાટ,અનંત બ્રહ્માંડમાં કેટલી પ્રચંડ ગતિએ પ્રવાસ કરે છે ખ્યાલ આવે છે. નાસાનું પાર્કર સોલાર પ્રોબ ૨૦૧૮ની ૧૨,ઓગસ્ટે સૂર્યના કોરોના (સૂર્યની બાહ્ય કિનારીને કોરોના કહેવાય છે) ના સંશોધનાત્મક અભ્યાસ માટે રવાના થયું છે. સૂર્યની સપાટીનું તાપમાન ૬,૦૦૦ કેલ્વિન છે, જ્યારે તેની બાહ્ય કિનારી(કોરોના) નું તાપમાન ૧૦થી ૨૦ લાખ કેલ્વીન જેટલું અતિ અતિ ઉકળતું હોય છે. વિશ્વભરના ખગોળશાસ્ત્રીઓ આ રહસ્ય શોધવા સતત પ્રયાસ કરી રહ્યા છે. નાસાએ આ જ રહસ્યનો તાગ મેળવવા પાર્કર સોલાર અવકાશયાન સૂર્ય ભણી રવાના કર્યું છે હજી ૨૦૨૫ની ૧૯, જૂને આ જ પાર્કર સોલાર પ્રોબ સૂર્યની સપાટીથી સૌથી નજીકના એટલે કે ફક્ત ૬૧ લાખ કિલોમીટરના અંતરે પહોંચી ગયું છે. નાસાની જોહ્નસ હોપકિન્સ એપ્લાઈડ લેબોરેટરી(એપીએલ : મેરીલેન્ડ) )નાં સૂત્રોએ એવી માહિતી આપી છે કે અમને ૨૦૨૫ની ૧૮મી સપ્ટેમ્બરે પાર્કર સોલાર પ્રોબ દ્વારા એવો બેકન ટોન(અવકાશયાન દ્વારામળતો રેડિયો ફ્રિક્વન્સી સંદેશો) મળ્યો છે કે તેની તમામ સિસ્ટમ્સ સાચી અને સારી રીતે કાર્ય કરે છે.થોડા દિવસ પહેલાં અવકાશયાનનો પૃથ્વી સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. આ જ સંદેશા સાથે એવી સચોટ માહિતી પણ મળી છે કે અમારા પાર્કર સોલાર પ્રોબ અવકાશયાને ૧૦ થી ૧૮, સપ્ટેમ્બર દરમિયાન ૬,૭૮,૦૦૦ કિલોમીટર(પ્રતિ કલાક)ની અતિ પ્રચંડ ગતિએ પ્રવાસ કર્યો છે. અમારું પાર્કર સોલાર પ્રોબ સૂર્યની સપાટીથી હજી પણ વધુ નજીક જવા પ્રયાસ કરશે. એટલે કે અવકાશયાન ૨૦૨૬ અને શક્ય હશે તો ભવિષ્યમાં પણ વધુ સમય સુધી કાર્યરત રહીને સૂર્યની કોરોનાનાં રહસ્ય સહિત તેનાં અકળ રહસ્યોનો તાગ મેળવવા પ્રયાસ કરશે. હજી થોડા સમય પહેલાં જ પાર્કર સોલર પ્રોબ (પી.એસ.બી.) અવકાશયાનને સૂર્યની અત્યારસુધીની સૌથી નજીકના અંતરની ઈમેજીસ (છબી) મેળવવામાં ઉજળી સફળતા મળી છે. પાર્કર સોલાર પ્રોબે સૂર્યની આ ઈમેજીસ ફક્ત ૩૮ લાખ માઈલ(૬૧૧૫૫૦૭.૨ કિલોમીટર)ના અંતરેથી લીધી છે.

## UNમાં દુનિયાના સૌથી મોટા મુસ્લિમ દેશના રાષ્ટ્રપતિનું સંબોધન ચર્ચામાં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

સંયુક્ત રાષ્ટ્રમહાસભામાં મંગળવારે એક રસપ્રદ ઘટના જોવા મળી જ્યારે સૌથી મોટા મુસ્લિમ દેશના રાષ્ટ્રપતિએ હિન્દુ ધર્મના ઓમ શબ્દનું ઉચ્ચારણ કર્યું. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રોબોવો સુબિઆંતોએ પોતાના સંબોધનનું સમાપન ઓમ શાંતિ ઓમ સાથે કર્યું. તેમણે મહાસભામાં દુનિયાના નેતાઓને એક સાથે મળીને કામ કરવાની અપીલ કરી. તેમણે 'ઓમ સ્વાસ્તિઅસ્તુ' પણ કહ્યું જેનો અર્થ છે તમે ધન્ય અને સુરક્ષિત રહો. જે ઈન્ડોનેશિયાના હિન્દુ બહુમતીવાળા બાલી ટાપુમાં બોલાય છે. સુબિઆંતોએ પોતાની સ્પીચમાં ઓમ શાંતિ ઓમની સાથે જ નમો બુદ્ધાય અને યહુદી અભિવાદન શાલોમ પણ કહ્યું. આ દરમિયાન ઈન્ડોનેશિયન રાષ્ટ્રપતિએ ઈઝરાયેલના સમર્થનમાં મોટું નિવેદન આપ્યું. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરતા ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રોબોવો સુબિઆંતોએ કહ્યું કે દુનિયાએ ઈઝરાયેલના સુરક્ષિત જીવન જીવવાના અધિકારનું સન્માન કરવું જોઈએ. તેમણે ઈઝરાયેલને માન્યતા આપવાની પણ વકીલાત કરી. ઈન્ડોનેશિયા દુનિયાનો સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ છે અને ઈઝરાયેલ સાથે તેના કોઈ રાજનયિક સંબંધ પણ નથી. સુબિઆંતોએ કહ્યું કે આપણે ઈઝરાયેલને પણ માન્યતા આપવી જોઈએ. તેનું સન્માન કરવું જોઈએ અને તેની સુરક્ષાની ગેરંટી પણ આપવી જોઈએ. ત્યારે જ આપણે વાસ્તવિક શાંતિ મેળવી શકીશું. તેમણે એ પણ કહ્યું કે ઈન્ડોનેશિયા એ જ દિવસે ઈઝરાયેલને માન્યતા આપશે જ્યારે જે દિવસે યહુદી દેશ પેલેસ્ટાઈનને માન્યતા આપશે.

## હમાસ શસ્ત્રો પેલેસ્ટાઈનને સોંપીને આત્મસમર્પણ કરે : રાષ્ટ્રપતિ મહમૂદ

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૫ ।

વિશ્વના કેટલાક અગ્રણી દેશોએ પેલેસ્ટાઈનને એક સ્વતંત્ર દેશ તોરીકેની માન્યતા આપી દીધી છે. જેમાં ફ્રાન્સ, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા મુખ્ય દેશો સામેલ છે. આ શ્રેણીમાં પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસે હમાસ જેવા આતંકવાદી સંગઠનો અને તેમના સહયોગી જૂથોને કડક ભાષામાં ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે હમાસે પોતાના તમામ હથિયારો પેલેસ્ટાઈનની ઓથોરિટીને સોંપી દેવા જોઈએ અને કોઈ પણ શરત વિના આત્મસમર્પણ કરવું જોઈએ, કારણ કે ગાઝા પટ્ટીમાં શાસન અને સુરક્ષાની જવાબદારી સંભાળનાર એક માત્ર માન્ય સંસ્થા પેલેસ્ટાઈન રાજ્ય(દેશ) છે. સોમવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના દ્વિ-રાજ્ય સમાધાન પરની વિશેષ બેઠકને સંબોધતા અબ્બાસે એક યુનાઈટેડ પેલેસ્ટાઈન રાજ્યની બ્લૂપ્રિન્ટ રજૂ કરી હતી. એમાં એક જ કાયદો, એક જ માન્ય સુરક્ષા દળ અને કોઈ પણ સશસ્ત્ર સંગઠન(હમાસ જેવા) હશે નહીં. આ સાથે અબ્બાસે એમ પણ કહ્યું કે ગાઝામાં હમાસનું કોઈ સ્થાન નથી. ગાઝા વહીવટીતંત્ર પશ્ચિમી તટની પેલેસ્ટાઈન સરકાર સાથે જોડાશે, જે અરબ દેશો અને આંતરરાષ્ટ્રીય સહયોગથી બનેલી વચગાળાની સમિતિ દ્વારા ચાલશે. અબ્બાસે જુલાઈમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા પસાર કરાયેલા ન્યોયોર્ક ડેકલેરેશન માટે આભાર વ્યક્ત કર્યો.

### દીવાની વિવાદોમાં ફોજદારી કેસો દાખલ કરવાના ટ્રેન્ડ અંગે સખત નારાજગી

# પૈસાની વસૂલાત માટે અદાલતો રિકવરી એજન્ટ ન બની શકે : સુપ્રીમ કોર્ટ

### આ કેસમાં ખંડપીઠે નોંધ્યું હતું કે પૈસાની વસૂલાતના વિવાદમાં એક વ્યક્તિ સામે અપહરણના આરોપો લગાવવામાં આવ્યાં હતાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

બાકી નાણાની વસૂલાત માટે ફોજદારી કેસો દાખલ કરવાના ટ્રેન્ડ અંગે સખત નારાજગી વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે અદાલતો રિકવરી એજન્ટ તરીકે કામ કરી શકે નહીં. ન્યાયતંત્રના આવા દુરુપયોગને મંજૂરી આપી શકાય નહીં. ફોજદારી કાયદાનો આવો દુરુપયોગ ન્યાયતંત્ર માટે ગંભીર ખતરો ઊભો કરી શકે છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બનેલી ખંડપીઠે અવલોકન કર્યું હતું કે બાકી રકમની વસૂલાત માટે ધરપકડની ધમકીનો ઉપયોગ કરી શકાય નહીં. તાજેતર આ એક ટ્રેન્ડ છે, જ્યાં પક્ષકારો પૈસા વસૂલવા માટે ફોજદારી કેસ દાખલ કરે છે, જે સંપૂર્ણપણે એક દીવાની વિવાદ હોય છે. ઉત્તરપ્રદેશના એક ફોજદારી કેસની સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે આ અવલોકનો કર્યા હતાં. આ કેસમાં ખંડપીઠે નોંધ્યું હતું કે પૈસાની વસૂલાતના વિવાદમાં એક વ્યક્તિ સામે અપહરણના આરોપો લગાવવામાં આવ્યાં હતાં.ઉત્તરપ્રદેશ સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજે આવી ફરિયાદોનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતું કે આવા કિસ્સાઓમાં પોલીસ બંને બાજુથી અટવાઈ જાય છે કારણ કે જો તે ગુનો દાખલ ન કરે તો કોર્ટ તેની ટીકા છે અને જો ગુનો દાખલ કરે તો તેના પર પક્ષપાતી કાર્યવાહી કરવાનો અને કાયદાની યોગ્ય પ્રક્રિયાનું પાલન ન કરવાનો આરોપ મૂકવામાં આવે છે. સામાન્ય રીતે આવી ફરિયાદોમાં પૈસાની વસૂલાત માટેના વિવાદને ફોજદારી ગુનો બનાવવામાં આવે છે. ન્યાયાધીશ કાંતે કહ્યું હતું કે તેઓ પોલીસની વિકટ સ્થિતિને સમજે છે.

### અપરાધીની સંપત્તિ પર બુલડોઝર ફેરવવું એ કાયદાવિહિન રાજ્યની સ્થિતિ

# બુલડોઝર જસ્ટિસ સામેના ચુકાદાથી મને સૌથી વધુ સંતોષ થયો હતો : CJI

### અપરાધી કે કથિત રીતે ગુનેગાર હોય તેવા લોકોના પરિવારનો હિસ્સો હોવાના કારણે પરિવારના તમામ લોકોને હેરાન કરવામાં આવતાં હતાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ બી.આર. ગવઈએ અપરાધીઓ સાથે સંકળાયેલી સંપત્તિ પર બુલડોઝર ફેરવવાની કાર્યવાહીને કાયદાવિહિન રાજ્યની સ્થિતિ ગણાવી હતી. ન્યાયમૂર્તિ બી.આર. ગવઈએ જણાવ્યું હતું કે, બુલડોઝરની કાર્યવાહી અંગે તેમણે આપેલો ચુકાદો માનવીય સમસ્યાઓ સાથે સંકળાયેલો હોવાથી તે ચુકાદો આપીને તેમને અપાર સંતોષની લાગણી થઈ હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટની જસ્ટિસ ગવઈ તથા કે.વી. વિશ્વનાથનની બેન્ચે ૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ એક ચુકાદામાં બુલડોઝર જસ્ટિસને કાયદાના શાસન વગરના રાજ્ય સાથે સરખાવ્યો હતો. આ ચુકાદામાં બેન્ચે



દેશવ્યાપી માર્ગદર્શિકા પણ જારી કરી હતી. સુપ્રીમ કોર્ટ એડવોકેટ એસોસિયેશન દ્વારા યોજાયેલાં એક કાર્યક્રમને સંબોધતા સીજેઆઈ ગવઈએ જણાવ્યું હતું કે, બુલડોઝર કાર્યવાહી અંગેના ચુકાદો આપીને મને અત્યંત સંતોષની લાગણી થઈ હતી. આ ચુકાદાના હાર્દમાં માનવીય સમસ્યાઓને આવરી લેવાઈ હતી. અપરાધી કે કથિત રીતે ગુનેગાર હોય તેવા લોકોના પરિવારનો હિસ્સો હોવાના કારણે પરિવારના તમામ લોકોને હેરાન કરવામાં આવતાં હતાં.આ ચુકાદા બદલ તેમણે જસ્ટિસ વિશ્વનાથનને પણ શ્રેય આપ્યો હતો. ન્યાયને વધુ બહેતર બનાવવા માટે અને ન્યાયતંત્રના માળખામાં સુધારા માટે તેમણે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, હાઈકોર્ટ્સના જજીસની નિમણૂક તાર્કિક અને ઝડપી બને તે માટે પણ તેમણે પ્રયાસો કર્યા છે. છેલ્લાં બે-ત્રણ વર્ષમાં સુપ્રીમ કોર્ટમાં વકીલાત કરતાં યુવાન વકીલોને વધુ પ્રતિનિધિત્વ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરાયું હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં યુવાન વકીલોએ હાંસલ કરેલો અનુભવ હાઈકોર્ટની કામગીરીને વધુ બહેતર બનાવશે.



ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના ગ્રેટર નોઈડામાં 'ઉત્તર પ્રદેશ આંતરરાષ્ટ્રીય વેપાર શો ૨૦૨૫' ના ઉદ્ઘાટન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા સન્માન કરવામાં આવી રહ્યું છે.

### ભારત-પાક. સહિત ૭ યુદ્ધો બંધ કરાવ્યા : ટ્રમ્પનો ફરી દાવો

## ભારત-ચીન યુક્રેન યુદ્ધના મુખ્ય ફાઇનાન્સર્સ : ટ્રમ્પ

। (એજન્સી) યુનાઇટેડ નેશન્સ, તા.૨૫ ।

સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભામાં સંબોધતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે દાવો કર્યો હતો કે કે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું ચાલુ રાખીને ચીન અને ભારત યુક્રેન યુદ્ધને ફંડ પુરું પાડતા મુખ્ય દેશો છે. રશિયાની એનર્જી પ્રોડક્ટ્સની ખરીદી કરવા બદલ તેમણે નાટોની પણ આકરી ઝાટકણી કાઢી હતી. પેલેસ્ટાઈનને માન્યતા આપવા બદલ તેમણે પશ્ચિમી દેશોને પણ આડા હાથે લીધા હતાં.સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાના ૮૦મા સેશનની જનરલ ડિબેટમાં એક કલાક લાંબા સંબોધનમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે નાટો દેશોએ પણ રશિયન ઊર્જા અને રશિયન ઊર્જા પેદાશો પર વધુ કાપ મૂક્યો નથી અને જ્યારે તેમને આ વાતની ખબર પડી ત્યારે તેઓ તેનાથી ખુશ નહોતાં. નાટો દેશો પોતાની સામેના યુદ્ધને ભંડોળ પૂરું પાડી રહ્યા છે. કોણે ક્યારેય આવું સાંભળ્યું છે? જો રશિયા યુદ્ધનો અંત લાવવા માટે કોઈ સોદો કરવા તૈયાર ન હોય, તો અમેરિકા ખૂબ જ આકરી ટેરિફ લાદવા માટે સંપૂર્ણપણે તૈયાર છે, જેનાથી ઝડપથી રક્તપાત બંધ કરી શકાશે. જોકે તે ટેરિફ અસરકારક બને તે માટે અહી એકઠા થયેલા તમામ યુરોપિયન રાષ્ટ્રોએ પણ આવા પગલાંમાં અમારી સાથે જોડાવું પડશે. તમે રશિયાની ઘણા નજીક છો, અમારી વચ્ચે તો એક સમુદ્ર છે. યુએસ પ્રેસિડન્ટે તેમના ભાષણમાં તેમના બીજા ટર્મની નીતિવિષયક સિદ્ધિઓ પણ વર્ણવી અને પોતાને વિશ્વમાં શાંતિરક્ષક ગણાવ્યાં હતાં.યુનાઈટેડ નેશન્સની આકરી ટીકા કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ઠાલા શબ્દોથી યુદ્ધોનો ઉકેલ આવતો નથી. સંયુક્ત રાષ્ટ્રનો હેતુ શું છે?. મેં હંમેશા કહ્યું છે કે યુએન પાસે જબરદસ્ત ક્ષમતા છે, પરંતુ તે તે ક્ષમતા સુધી પહોંચવાની નજીક પણ આવી રહી નથી. ટ્રમ્પે યુએનના અનેક વિરોધાભાષાના ઉદાહરણો પણ આપ્યાં હતાં. પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપવાના પશ્ચિમ દેશોના નિર્ણયની આકરી ટીકા કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે આવા પગલાં પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસને તેના ભયાનક અત્યાચારો બદલ પુરસ્કાર આપવા સમાન છે. આની જગ્યાએ વિશ્વના દેશોએ ઈઝરાયેલના બંધકો મુક્ત થાય તેવા પ્રયાસો પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. અહીં ઉલ્લેખનીય છે કે ફ્રાન્સ, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને પોર્ટુગલે છેલ્લા બે દિવસમાં પેલેસ્ટિનિયનને દેશ તરીકે માન્યતા આપી છે. આનાથી ઈઝરાયેલ અને અમેરિકા નારાજ છે. તમામ જીવિત બંધકો અને કેદમાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહોને મુક્ત કરવાની હાકલ કરતા તેમણે કહ્યું હતું કે ગાઝામાં યુદ્ધ તાત્કાલિક બંધ કરવું પડશે.સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી વિશ્વભરના નેતાઓની હાજરીમાં ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો હતો કે તેઓ ભારત-પાકિસ્તાન સહિતના સાત યુદ્ધનો અંત લાવ્યા છે. માત્ર સાત મહિનાના સમયગાળામાં મે સાત યુદ્ધો સમાપ્ત કરાવ્યા છે.

### ચીનમાં કોરોના વાઈરસની જાણકારી આપનાર

# મહિલા પત્રકાર ઝાંગ ઝાનને ફરીથી ચાર વર્ષની જેલની સજા

### ૪૨ વર્ષની આ મહિલા પત્રકારે કોવિડ મહામારીના પ્રાથમિક તબક્કાના કેન્દ્રસ્થાન વુહાનમાં ડોક્યુમેન્ટરી બનાવીને વિશ્વ સમક્ષ રજૂ કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ચીનમાં કોરોના વાઈરસની જાણકારી આપનારમહિલા પત્રકાર ઝાંગ ઝાનને ફરીથી ચાર વર્ષની જેલની સજા મળી છે. તેણે કોરોના વાઈરસ વિશે વિશ્વને જણાવીને ચીનના ચહેરા પરથી નકાબ ઉતાર્યું હતું. અગાઉ પણ તેને ૨૦૨૦માં ચાર વર્ષની સજા થઈ હતી. મુક્તિ મળ્યા પછી ફરી તેની ધરપકડ કરવામાં આવી છે. ૪૨ વર્ષની આ મહિલા પત્રકારે કોવિડ મહામારીના પ્રાથમિક તબક્કાના કેન્દ્રસ્થાન વુહાનમાં ડોક્યુમેન્ટરી બનાવીને વિશ્વ સમક્ષ રજૂ કરી હતી. ફરી ધરપકડ માટે તેના પર અગાઉના જ ઝઘડો કરવાના તેમજ અશાંતિ ફેલાવવાના આરોપ લગાવવામાં આવ્યા છે. માનવ અધિકાર જૂથોએ તેના માટે અવાજ ઉઠાવ્યો છે અને તેને તાત્કાલિક છોડી મુકવાની બેઈજિંગને અપીલ કરી છે.પત્રકાર ઝાંગે મહામારીના પ્રારંભિક તબક્કામાં વુહાનથી રિપોર્ટિંગ કરીને વિશ્વને ચીનની સાચી સ્થિતિની જાણ કરી હતી. ઝાંગ ૨૦૨૦ના પ્રારંભિક સમયમાં વિખ્યાત બની જ્યારે તેણે વુહાનમાંથી હોસ્પિટલના દ્રશ્યો અને વેરાન સડકોનો પ્રથમદર્શી અહેવાલ આપ્યો અને કોવિડ સંક્રમણ બાબતે ચીનના સત્તાવાર વૃત્તાંતને ખોટો ઠેરવ્યો. અહેવાલ આપવા માટે ધરપકડ કર્યા પછી તેના પર રાજ્ય પ્રશાસનનો અનાદર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો અને તેના પર અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યા જેના પરિણામે તેણે ભૂખ હડતાળ પર ઉતરવું પડ્યું. એ સમયે તેને બળજબરીપૂર્વક મોઢામાં ટ્યુબ બેસાડીને ખાવાનું આપવામાં આવ્યું હતું.ગયા વર્ષે મે મહિનામાં તેની મુક્તિ થઈ હોવા છતાં ઝાંગની ફરી થોડા મહિનામાં જ ધરપકડ કરવામાં આવી અને આખરે તેને શાંઘાઈના પુડોન્ગ અટકાયત કેન્દ્રમાં રાખવામાં આવી. વિદેશી વેબસાઈટો પર માનવ અધિકારના ભંગ બાબતે તેના નિવેદનો અને સોશિયલ મીડિયા પોસ્ટને કારણે ફરી તેને સજા સંભળાવવામાં આવી. માનવ અધિકાર જૂથોએ દલીલ કરી છે કે તેના પરના આરોપો રાજનીતિથી પ્રેરિત છે જેનો હેતુ તેના સ્વતંત્ર પત્રકારિત્વને ચૂપ કરવાનો છે.ઉલ્લેખનીય છે કે ચીનમાં પત્રકારોની સ્થિતિ અત્યંત દયનીય છે. આરએસએફ વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ ૨૦૨૫માં ચીન ૧૮૦ દેશોમાંથી ૧૭૮માં ક્રમે છે. આરએસએફ ચીનને પત્રકારો માટે વિશ્વની સૌથી મોટી જેલ તરીકે ગણાવે છે.

### રાહુલ ગાંધીના આરોપો બાદ ચૂંટણી પંચનો નિર્ણય

# વિવાદ ઉકેલવા ચૂંટણી પંચે ઈ-સાઈન સિસ્ટમ લોન્ચ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

મતદાર યાદીમાંથી નામ કાઢવાને લઈને ઉઠેલા વિવાદને ઉકેલવા માટે ભારતના ચૂંટણી પંચે (ECI) એક નવી ટેકનિકનો ઉપયોગ શરૂ કર્યો છે. આ નિર્ણય કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા કર્ણાટકના આલંદ વિધાનસભા ક્ષેત્રમાં મોટા પાયે મતદારોના નામ હટાવવા માટે કરવામાં આવેલી ગેરરીતિના આરોપો બાદ લેવાયો છે. આ ટેકનિકલ સુવિધાથી મતદારની ઓળખનો દુરૂપયોગ અટકાવી શકાશે. ચૂંટણી પંચે તેના ECINet પોર્ટલ અને એપ પર નવું ઈ-સાઈન ફીચર લોન્ચ કર્યું છે. આ ફીચર હેઠળ, મતદારોએ રજિસ્ટ્રેશન, નામ હટાવવા અથવા સુધારા માટે અરજી કરતી વખતે પોતાના આધાર સાથે લિંક થયેલા ફોન નંબરનો ઉપયોગ કરીને પોતાની ઓળખ ચકાસવાની રહેશે. અગાઉ, અરજદારો કોઈપણ વેરિફિકેશન વગર ફોર્મ જમા કરી શકતા હતા, જેના કારણે ઓળખના દુરૂપયોગનું જોખમ રહેતું હતું. નવી સિસ્ટમ શરૂ થયા બાદ, જ્યારે કોઈ વ્યક્તિ ECINet પોર્ટલ પર ફોર્મ ૬ (નવા રજિસ્ટ્રેશન માટે), ફોર્મ ૭ (નામ હટાવવા માટે), અથવા ફોર્મ ૮ (સુધારા માટે) ભરે છે, ત્યારે તેને ઈ-સાઈનની જરૂરિયાત પૂરી કરવી પડશે. પોર્ટલ અરજદારને ખાતરી કરાવશે કે મતદાર કાર્ડ અને આધાર કાર્ડ પર નામ સરખું છે અને આધાર કાર્ડ મોબાઈલ નંબર સાથે જોડાયેલું છે. ત્યારબાદ, અરજદારને એક બહારના ઈ-સાઈન પોર્ટલ પર રિડાયરેક્ટ કરવામાં આવશે, જ્યાં તેને પોતાનો આધાર નંબર દાખલ કરવાનો રહેશે. આધાર નંબર દાખલ કર્યા બાદ, આધાર સાથે જોડાયેલા ફોન નંબર પર એક આધાર OTP મોકલવામાં આવશે. OTP દાખલ કરીને અને સંમતિ આપ્યા બાદ જ વેરિફિકેશન પ્રક્રિયા પૂરી થશે, ત્યાર બાદ અરજદારને ફોર્મ જમા કરાવવા માટે પાછો ECIN× પોર્ટલ પર મોકલવામાં આવશે. આ પ્રક્રિયા નકલી અરજીઓને રોકવામાં મદદ કરશે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ૧૮ સપ્ટેમ્બરે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, આલંદમાં કોઈએ ઓનલાઈન અરજી દ્વારા લગભગ ૬,૦૦૦ મતદારોના નામ હટાવવાનો પ્રયાસ કર્યો હતો.


# તંત્રી લેખ...

## પાર્ટનર પર નજર રાખવા હિડન કેમેરા અને GPS ટ્રેકર લગાવી રહ્યું છે આજનું યુવાધન

નવરાત્રીના તહેવારમાં લોકો ગરબાના તાલે ઝૂમી રહ્યા છે, ત્યારે આ વખતે આ તહેવારમાં સુરત શહેરમાં એક અલગ ટ્રેન્ડ ઉભરી આવ્યો છે. 'સર્વેલન્સ નવરાત્રી'. માતા-પિતા પોતાના સંતાનો પર, પાર્ટનર્સ એકબીજાની ગતિવિધિઓ પર અને પરિવારો સંબંધોમાં પારદર્શિતા જાળવવા માટે GPS ટ્રેકિંગ ડિવાઈસ, સ્પાય કેમેરા અને ખાનગી ડિટેક્ટિવોની સેવાઓ લઈ રહ્યા છે, જેથી આ તમામ સેવાઓની માંગમાં હાલ ૫૦%નો ઉછાળો જોવા મળી રહ્યો છે. આ ટ્રેન્ડ મુખ્યત્વે સુરતના વેસુ, સિટી લાઈટ, અડાજણ અને પાલ જેવા હાઈ-પ્રોફાઈલ વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે, જ્યાં હાઈ-ક્લાસ પરિવારો અને યુવા કપલ્સ વચ્ચે શંકા અને સુરક્ષાની ચિંતા વધુ છે. સ્થાનિક GPS વેચાણકાર અને ડિટેક્ટિવ એજન્સીઓના મુજબ, આ વર્ષે નવરાત્રીની શરૂઆતથી જ માંગમાં અણધારો વધારો થયો છે. ''લોકો હવે માત્ર તહેવારની મજા માટે નથી, પણ સંબંધોમાં પારદર્શિતા અને શંકા દૂર કરવા માટે આ સાધનોનો ઉપયોગ કરી રહ્યા છે,'' તેમ સુરતની એક ડિટેક્ટિવ એજન્સીના માલિક રાહુલ પટેલે જણાવ્યું છે. વરાત્રીના તહેવારમાં લેટ-નાઈટ ગરબા અને પાર્ટીઓને કારણે પરિવારોમાં ચિંતા વધી છે, જેના કારણે GPS ટ્રેકિંગ ડિવાઈસની માંગ ૫૦% વધી ગઈ છે. આ ડિવાઈસ ૨,૨૦૦થી ૩,૦૦૦ રૂપિયાની કિંમતમાં ઉપલબ્ધ છે અને એક ચાર્જે ૯થી ૧૨ દિવસ સુધી ચાલે છે. તેમાં લાઈવ લોકેશન ટ્રેકિંગ સાથે વાહન કેટલો સમય ક્યાં ઊભું રહ્યું તેનો પણ રેકોર્ડ રહે છે, જે માતા-પિતા અને પાર્ટનર્સ માટે ખાસ ઉપયોગી સાબિત થાય છે. સુરતના ઈલેક્ટ્રોનિક્સ માર્કેટમાં આ વેચાણ વધ્યું છે, અને અત્યાર સુધીમાં ૧,૨૦૦થી વધુ એવી ડિવાઈસ વેચાઈ ગયા છે. આ ડિવાઈસ ખરીદનાર વેસુ વિસ્તારના એક વેપારીએ જણાવ્યું કે, ''મારી પુત્રી ગરબા માટે બહાર જાય છે, તેથી હું તેની સુરક્ષા માટે આ ડિવાઈસ લઈ આવ્યો છું. તેની લાઈવ લોકેશન જોઈને મને શાંતિ મળે છે.'' GPS ઉપરાંત, સ્પાય કેમેરા, મીની વોઈસ રેકોર્ડર અને હિડન ગેજેટ્સની પણ માંગ વધી છે. આ સાધનોનો ઉપયોગ લોકો હોટલ, પાર્ટીઓ અને ગરબા ગ્રાઉન્ડ્સમાં સાથીઓ પર નજર રાખવા માટે કરી રહ્યા છે. વધુમાં ખાનગી ડિટેક્ટિવ એજન્સીઓએ નવરાત્રી માટે 'સ્પેશિયલ પેકેજ' લૉન્ચ કર્યા છે, જેની કિંમત ૧૦,૦૦૦થી ૬૦,૦૦૦ રૂપિયા સુધી છે. આ પેકેજમાં 'હ્યુમન સર્વેલન્સ' સામેલ છે, જેમાં વધારાના સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે.

## અમદાવાદ મંડળના રેલ અધિકારીઓ અને કર્મચારીઓએ "એક દિવસ, એક કલાક, એક સાથે" પહેલ અંતર્ગત શ્રમદાન કર્યું



। (રેલવે) અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ''સ્વચ્છ ઉત્સવ'' થીમ હેઠળ સ્વચ્છતા હી સેવા પખવાડિયું-૨૦૨૫નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ શ્રેણીમાં ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મંડળમાં ''એક દિવસ, એક કલાક, એક સાથે'' શ્રમદાન કાર્યક્રમ ઉત્સાહપૂર્વક યોજાયો. અમદાવાદ રેલવે સ્ટેશન ખાતે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વમાં તમામ બ્રાન્ચ રેલ અધિકારીઓ, અને કર્મચારીઓએ ''એક દિવસ, એક કલાક, એક સાથે'' સંકલ્પ અંતર્ગત શ્રમદાન કરીને સ્ટેશન પરિસરની વ્યાપક સફાઈ કરી અને સમગ્ર પરિસરને સ્વચ્છ બનાવ્યો. સૌએ સંકલ્પપૂર્વક એક દિવસ, એક કલાકનું સામૂહિક શ્રમદાન કરીને સ્ટેશન પરિસરની વ્યાપક સફાઈ કરી અને પરિસરને સ્વચ્છ તેમજ સુંદર બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. શ્રમદાન બાદ મંડળ રેલ પ્રબંધક દ્વારા સ્ટેશનનું નિરીક્ષણ કરવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે સ્ટેશન પરિસરની સ્વચ્છતા વ્યવસ્થા, શૌચાલયોની કાર્યક્ષમતા, પીવાના પાણીની ઉપલબ્ધતા, પ્રતિક્ષાલયોની હાલત, પ્લેટફોર્મ પર ઉભેલી ટ્રેનોની સ્વચ્છતા, રનિંગ રૂમ સહિત મુસાફરોની સુવિધાઓનો અભ્યાસ કર્યો. અમદાવાદ સ્ટેશનની સાથે-સાથે નવી અને જૂની રેલવે કોલોની સાબરમતી, વટવા રેલવે કોલોની, મહેસાણા રેલવે કોલોની તેમજ મંડળ રેલવે હોસ્પિટલ, સાબરમતીમાં પણ શ્રમદાન કરવામાં આવ્યું. આ સ્થળોએ રેલકર્મીઓ અને પરિવારજનો એ મળીને સફાઈ કરી અને સ્વચ્છતાનો સંદેશ આપ્યો. ''સ્વછતા હી સેવા પખવાડિયા'' અંતર્ગત આયોજિત આ અભિયાન માત્ર સ્ટેશન અને કોલોનીઓની સફાઈ સુધી સીમિત ન રહી, પરંતુ તેમાં સૌને સ્વચ્છતાનું મહત્વ સમજાવતા સામૂહિક જવાબદારીની ભાવનાને પણ પ્રોત્સાહિત કરવામાં આવી.

**હે દુર્ગા! તમારું સ્મરણ કરવાથી જ તમે બધા પ્રાણીઓનો ભય હરી લો છો અને સ્વસ્થ મનુષ્ય તમારું ચિંતન કરે છે,**

# કુષ્માંડા એટલે બ્રહ્માંડનાં કોઠામાં પૃથ્વી નામનાં અંડાકાર ગ્રહ લઈને ગરબે ઘૂમતી માતા



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**હે દેવી! તમારા પ્રસન્ન થવાથી જ પરમાત્મ સ્વરૂપ આ જગતનો અભ્યુદય થાય છે, અને તમારાં ક્રોધે ભરાય જવાથી તમે તરત જ કેટલાય શત્રુઓનો નાશ કરી નાખો છો? એ વાત હમણાં જ અનુભવવા મળી. કારણકે મહિસાસુરની વિશાળ સેના તમારાં કોપથી ક્ષણવારમાં જ નષ્ટ થઈ ગઈ.**

આજે ૨૬/૯ છે અને આ વખતે આ લેખ લખનારનો જન્મ દિવસ તારીખ, અને તિથિ બંને લેખે નવરાત્રીમાં આવ્યો. જોકે એનો ઉલ્લેખ કરવાનું કારણ માત્ર એટલું જ છે, કે જીવનનાં છેલ્લાં થોડા વર્ષનું ચિંતન કરીએ, તો એવું લાગે કે વિતેલાં વર્ષો એ જીવનને શણગાર્યું છે! અને માત્ર સહનશક્તિ એ કેટલીય નવ શક્તિનું સર્જન કર્યું! જોકે જીવનને આ રીતે પણ મુલવી શકાય એવી દ્રષ્ટિ સદગુરુ સિવાય કેમ મળે! જીવન વૃતાંત કે અનુભૂતિ વિશે લખીએ તો બહુ લાંબુ થશે! ખેર નવરાત્રી તરફ આગળ..માડી તારો હીંડોળો ઝાકમઝોળ! મંગલં વરસે, મંગલ વરસે, મંગલ વરસે, આજ માને મંદિરીયે... ઝુલે ઝુલે છે ગબ્બરની માત અંબે ઝુલે છે... ગુંજે ગુંજે ગૌરવનો ગવરાવ એવો ગરવો ગઢ ગિરનાર... આમ ગરબાની રમઝટ અને માડીનાં સાનિધ્યમાં નોરતાં પર નોરતાં પસાર થવા લાગ્યા છે, અને બે ત્રીજ પછી આજે તો હવે ચોથું નોરતું છે. ચોથા નોરતે આપણે ત્યાં નવદુર્ગાનાં કુષ્માંડા સ્વરૂપની આરાધના કરવામાં આવે છે. સમગ્ર સૃષ્ટિનાં સર્જન માટે જવાબદાર એવી મા નું સ્વરૂપ એટલે જ કુષ્માંડા, બ્રહ્માંડનાં કોઠામાં પૃથ્વી નામનો અંડાકાર ગ્રહ લઈ એ ગરબે ઘૂમી રહી છે, એ કલ્પના પણ આલ્હાદક છે, અને આ શબ્દાર્થ એનાં નામમાં જ સમાયેલ છે. એ રીતે જોઈએ તો શક્તિનું સામર્થ્ય કેટલું હશે? એ આપણને સમજાય! મા નવદુર્ગાનું કોઈ પણ સ્વરૂપ હોય એ સાધકમાં સકારાત્મક શક્તિનું વર્ધન કરે છે અને સાધકની ભીતરી ધરા જો ભીની હોય તો નવ સર્જન પણ કરાવે છે. આપણે ત્યાં પારંપરિક રીતે નવરાત્રીનાં સ્થાપનમાં, બાજોઠ પર ગરબો મુકી એની ફરતે જુવારા મુકવામાં આવે છે, એવું શું કામ? જુવારા એ મૂળ રુપે બીજ છે, શક્તિ તરીકે જોઈએ તો જીવનું પોષણ કરનારું તત્વ છે, અને સારા અનાજથી જીવની શારીરિક તેમજ માનસિક વૃદ્ધિ થાય છે, અને પરમ શક્તિ માટે સ્વસ્થતા બહુ જરૂરી છે. તો જુવારા રૂપે જીવ માતાજીને કહે છે કે હું શોષણ નહીં, પણ પોષણ કરનારી વૃત્તિ કેળવવા માગું છું. એટલે કે મા હંમેશા પોષણ કરનારી હોય છે. ભક્તિ તરીકે જોઈએ તો આ બીજ જેમ થોડા સમયની અવધિમાં જ પાંગરે છે, એમ મારી આ નવદિવસીય ભક્તિનું બીજ પણ પાંગરે. જેથી કરીને મારી મતિ અને ગતિ બંને ચલિત હોવા છતાં સ્થિર રહે. આપણે આસો નવરાત્રીમાં માતાને આરાધવા માટે શક્રાદયની સ્તુતિનો સહારો લીધો છે તો, મા જગજનની જગદંબા આપણી શુદ્ધ હૃદયથી થતી સ્તુતિ સાંભળી લીધી છે, અને મા પોતાની અપરંપાર કૃપા આપણી પર વરસાવી રહીં છે! ઓહો! આ બધું કેટલું સારું સારું લાગે છે. કોઈનો અનુગ્રહ આપણી પર વધે એટલે સૌથી પહેલું કામ વિકારો દૂર થતા જાય, અને એ પરમ પ્રેમ તત્વથી આપણે ભરાતા જઈએ. મા આદ્યશક્તિ જગદંબા સકલ બ્રહ્માંડ રચયિતા છે, અને તેનું ભરણપોષણ કરનારી છે, તો માતાનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે વિશ્વનાં ખૂણે ખૂણે કોઈ દુઃખી રહે નહીં, અને સૌમાં એકબીજાને મદદ કરવા માટેની ભાવના તીવ્ર બને, એવી એક સકારાત્મક ઉર્જા અમને આપજો. ધ્યાન, ધર્મ, તપ, સંયમ, નિયમ, આ બધું જ જેટલું થાય એટલું આપણે કરીશું એવાં શુદ્ધ સંકલ્પ સાથે આગળ...

★★ શક્રાદય સ્તુતિ ★★

દેવિ પ્રસીદ પરમા ભવતી ભવાય
સદ્યોવિનાશયસિ કોપવતી કુલાનિ
વિજ્ઞાતમેતદધુનૈવ યદસ્તમેતન્નીતં,
બલં સુવિપુલં મહિષાસુરસ્ય ૧૩

હે દેવી! તમારા પ્રસન્ન થવાથી જ પરમાત્મ સ્વરૂપ આ જગતનો અભ્યુદય થાય છે, અને તમારાં ક્રોધે ભરાય જવાથી તમે તરત જ કેટલાય શત્રુઓનો નાશ કરી નાખો છો? એ વાત હમણાં જ અનુભવવા મળી. કારણકે મહિસાસુરની વિશાળ સેના તમારાં કોપથી ક્ષણવારમાં જ નષ્ટ થઈ ગઈ. (૧૩)

તેસમ્મતા જનપદેષુધનાનિ તેષાં
તેષાં યશાંસિ ન ચ સીદતિ ધર્મવર્ગઃ
ધન્યાસ્ત એવ નિભૃતાત્મજભૃત્યદારા
યેષાં સદાભ્યુદયદા ભવતી પ્રસન્ના ૧૪

હંમેશાં જગતને અભ્યુદય આપનારાં તમે તેમનાં પર પ્રસન્ન થાઓ છો તેઓ જ રાજ્યમાં સન્માનિત થાય છે તેમને જ ધન-સંપત્તિ અને યશ મળે છે. તેમનો જ ધર્મ ક્યારેય ક્ષીણ થતો નથી. તેમના જ પોતાના વિવેકી સંતાનો, પત્ની અને નોકર-ચાકરો ધન્ય હોય છે. (૧૪)

ધર્મ્યાણિ દેવિ સકલાનિ સદૈવ,
કર્માણ્યત્યાદતઃ પ્રતિદિનં સુકૃતી કરોતિ
સ્વર્ગપ્રયાતિ ચ તતોભવતીપ્રસાદ,
અલ્લોકત્રયેડપિ ફલદા નનુદેવિ તેન ૧૫

હે દેવી! પુણ્યશાળી મનુષ્ય તમારી જ કૃપાથી દરરોજ અત્યંત શ્રદ્ધાપૂર્વક બધા પ્રકારના ધર્મને અનુકૂળ કર્મો હંમેશા કરતો રહે છે અને તેના પ્રભાવથી સ્વર્ગ લોકમાં જાય છે. તેથી જ ત્રણે લોકમાં અચૂક પણે મનોવાંછિત ફળ આપનાર કહેવાઓ છો. (૧૫).

★દુર્ગેસ્મૃતા હરસિ ભીતિમશેષજન્તોઃ
સ્વસ્થૈઃ સ્મૃતા મતિમતીવ શુભાં દદાસિ
દારિદ્ર્યદુઃખભયહારિણિ કા ત્વદન્યા
સર્વોપકારકરણાય સદાડડર્દ્રચિત્તા ૧૬

હે દુર્ગા! તમારું સ્મરણ કરવાથી જ તમે બધા પ્રાણીઓનો ભય હરી લો છો અને સ્વસ્થ મનુષ્ય તમારું ચિંતન કરે છે, તો તેમને પરમ કલ્યાણકારી બુદ્ધિ આપો છો, દુઃખ, દારિદ્ર અને ભયને હરનારા હે દેવી! તમારા સિવાય અન્ય કોણ છે કે જેનું ચિત્ત સૌનો ઉપકાર કરવા માટે હંમેશા દયાદ્ર જ રહ્યા કરતું હોય. (૧૬)

પૂજ્ય બાપુ ઘણીવાર કથામાં કહે છે, કોઈપણ સ્તુતિ હોય તો એ અષ્ટક સ્વરૂપે વધુ જોવા મળે છે, અને એ સ્તુતિના આઠ લક્ષણ હોય છે, એમાંનું પહેલું લક્ષણ વિનય હોય છે. આપણે ઉપરની સ્તુતિમાં જોયું કે ઈન્દ્ર આદિ દેવતાઓ તથા ઋષિઓ મા જગતજનની જગદંબાની પ્રશંસા કરી રહ્યા છે, અને પૂર્ણપણે વાસ્તવિકને વિનયી છે. એ સમયમાં પ્રાસંગિક હોવાથી આજે આ બધું એટલું સાચું લાગતું નથી, અને આપણને એ બધું અતિશયોક્તિ પણ લાગે. પુરાણોમાં દેવી અને અસુરોના જે સ્વરૂપનું વર્ણન છે, તે પણ આજના સમય પ્રમાણે વાસ્તવિક નથી લાગતું. એટલે કે આપણે હવે જીવને માનવ તરીકે જ ઓળખીએ છીએ, એમાં દાનવ જેવી કોઈ અલગ અભિવ્યક્તિનો અવકાશ નથી. જોકે એક વાત છે કે એ સમયનો અસુર કે દાનવનું વર્ણનને આપણે માત્ર બાહ્ય સ્વરૂપે જોઈએ તો કદાચ આજના સમયમાં એવું કોઈ નથી, પરંતુ તેનું આંતરિક સ્વરૂપ જોઈએ તો કદાચ આજે માનવ કરતા દાનવની સંખ્યા સમાજમાં વધુ જોવા મળશે, અને તેથી જ આપણને ઈન્દ્ર આદિ દેવતાઓ મા ભવાનીની ખુશામત કરતા હોય એવું લાગે. કારણ કે આપણા મનોભાવમાં આવા અસૂરો સાથેના સતત સેઈફ વ્યવહારને કારણે ખુશામતનો ભાવ હવે કાયમ ઘર કરતો જાય છે. પરંતુ એ સમયે લોકોને ભોગનું આકર્ષણ ચોક્કસ હતું, પણ એને મેળવવાનું આજ જેવું પાગલપન નહોતું. જેણે જેણે શક્તિને પોતાના કામ ભાવને કારણે પ્રતાડિત કરવાનું પાગલપન કર્યું, એને મા આદ્યશક્તિ એ સજા રૂપે પણ મુક્તિ જ આપી! કારણકે એ મા છે, એ મારીને પણ તારે જ છે. તો આપણે જેવા છીએ તેવા એની સમક્ષ નિઃસંકોચ પણે સ્પષ્ટ થઈશું, ખુલ્લાં આત્મનિવેદનો કરીશું, તો આપણા પણ લાખ ગુનાઓને માફ કરવાની શક્યતા રહેલી છે. મા જગજનની જગદંબા ખરેખર અત્યંત કૃપાળુ છે, અને આપણા મનોભાવને સમજી શકવાને સમર્થ છે, એટલે હવે મારશે કે તારશે! એ બધું વિચારવાનું છોડીને એનાં શરણે જઈ પૂર્ણપણે શરણાગત થઈને, જન્મોજન્મ એ ચરણોમાં પ્રીતિનું સ્થાન પ્રાપ્ત કરીએ. જય અંબે.

**નવલાં નોરતાંની રમઝટ - ૫**

# કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા.. લાગ્યો રે લોલ !

# આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા.. આવ્યા રે લોલ !!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**નવ દિવસનો આ ઉત્સવ એ કદાચ દુનિયાનો સૌથી લાબામાં લાંબો ચાલતો મહોત્સવ છે. નાના બાળકથી માંડી આબાલવૃદ્ધ સૌ તેમાં ઉત્સાહ પૂર્વક જોડાઈ માતૃ પૂજાના આ પર્વને પ્રેમપૂર્વક વધાવી લેતા હોય છે.નવ દિવસ ના નોરતાની તૈયારીઓ કઈ રીતે કરવામાં આવતી હોય છે. ગુજરાત તેની ગરબાની આગવી પરંપરા માટે વિશ્વભરમાં જાણીતું છે.**



નવલાં નોરતાં સડસડાટ પસાર થઈ રહ્યાં છે. આ વર્ષે નવ દિવસ નહી પણ દશ દિવસ છે. શહેરમાં ધંધાદારી પાર્ટી પ્લોટની જમાવટ નો ક્રેઝ વધ્યો છે.પરંતુ લોકો બધી રીતે ખુશ અને ઉત્સવો ઉજવવામાં મશગૂલ છે..બીજું રાઝને રાઝ રહેવા દઈ મા શકિતની આરાધના ઉપાસના જે ભાવથી લોકો કરતાં હોય તેમને કરવા દઈ આપ સૌ આનંદ કરો. સાચી રે મારી સત્ રે ભવાનીમા અંબા ભવાનીમા હું તો તારી સેવા કરીશ મૈયા લાલ... નવરાત્રિનો થનગનાટ શેરી મહોલ્લામાં શરૂ થઈ ગયો આજે આસો સુદ ચોથ અને પાંચમું નોરતુ.ગઈકાલે રાજયમાં કેટલાક નવા તાલુકાની જાહેરાત થઈ છે. નવરાત્રિ એટલે નવ દિવસ માટે ચાલતો ગરબાનો મહોત્સવ મહાકવિ કાલિદાસે પણ કહ્યું છે કે ઉત્સવ પ્રિયાઃખલુ માનવાઃ અર્થાત મનુષ્ય માત્ર સ્વભાવથી ઉત્સવ પ્રિય છે.તેને વિવિધ ઉત્સવોના રંગે રંગાવું ગમતું હોય છે.દેવી ભગવતી પુરાણ અનુસાર, માતા દુર્ગાના ચોથા સ્વરૂપને કૂષ્માંડા કહેવામાં આવે છે.માતાકૂષ્માંડાની આઠભુજાઓ છે. માતાના એક હાથે જપમાળ છે અને અન્ય સાત હાથમાં ધનુષ, બાણ, કમંડલ, કમળ, અમૃતથી ભરેલ કળશ, ચક્ર અને ગદા છે.

શારદીય નવરાત્રિ ૨૧મી સપ્ટેમ્બરથી શરૂ થઈ ગઈ છે. માતા દુર્ગાના નવ સ્વરૂપોમાંથી ત્રણ સ્વરૂપોની પૂજા થઈ ચૂકી છે. ચોથા દિવસે માતા દુર્ગાના ચોથા સ્વરૂપ માતા કૂષ્માંડા દેવીની પૂજા કરવામાં આવે છે. પરંતુ આ વખતે ચતુર્થી તિથિ ઉદયા તિથિ સાથે ન હોવાથી ૨૬મી સપ્ટેમ્બરે નવરાત્રિનો પાંચમો દિવસને આસો સુદ ચોથ. આ આધારે આ એક દિવસ આગળ સરકશે. શાસ્ત્રો અનુસાર માનવામાં આવે છે કે માતા કૂષ્માંડાની પૂજા વિધિ પ્રમાણે કરવાથી વ્યક્તિ દરેક પ્રકારના દુઃખ-દરિદ્રતામાંથી મુક્ત થાય છે અને જીવનમાં ખુશી જ ખુશી આવે છે. માન્યતા છે કે માતા કૂષ્માંડાએ સૃષ્ટિની રચના કરી હતી 'કૂષ્માંડા' એક સંસ્કૃત શબ્દ છે,જેનો અર્થ છે ''કુમ્હાડો'' (પેઠા) અને તેની બલિ આપવામાં આવે છે હવે આપણે જાણીએ માતા કૂષ્માંડાની પૂજા માટે યોગ્ય તારીખ શુભ મુહૂર્ત, પૂજાવિધિ,મંત્ર,ભોગ અને આરતી

નવ દિવસનો આ ઉત્સવ એ કદાચ દુનિયાનો સૌથી લાબામાં લાંબો ચાલતો મહોત્સવ છે. નાના બાળકથી માંડી આબાલવૃદ્ધ સૌ તેમાં ઉત્સાહપૂર્વક જોડાઈ માતૃ પૂજાના આ પર્વને પ્રેમપૂર્વક વધાવી લેતા હોય છે.નવ દિવસ ના નોરતાની તૈયારીઓ કઈ રીતે કરવામાં આવતી હોય છે. ગુજરાત તેની ગરબાની આગવી પરંપરા માટે વિશ્વભરમાં જાણીતું છે. એવું કહી શકાય કે ગરબો એ ગુજરાતનું વિશ્વને સવર્શ્રેષ્ઠ પ્રદાન છે આવી રીતે નવરાત્રીના નોરતા ની ખુબજ ઉમળકાભેર આગતા સ્વાગતા કર્યા બાદ મંદિરના દ્વાર ખોલવા માટે ભક્તો માતાજીને વિનંતી કરે છે.નવરાત્રિ ઋતુ પરીવર્તનનો સમય છે,તેને શાસ્ત્રો માં સંધિકાળ એટલે બે ઋતુઓનું મિલન.જયારે સમગ્ર પ્રકૃતિમાં ફેરફાર થાય છે.આ મોસમમા ખાસ કરીને શિતઋતુનો પ્રભાવ પડે છે.વર્ષાઋતુના અંત સમયમાં શરીરની પાચન શક્તિ મંદ પડી જાય છે,હાનિકારક કીટાણુ ઉત્પન્ન થાય છે.ઘી અને તેલનો દીવો પ્રગટાવવાથી તથા ઔષધીય પદાર્થોના હવનથી વાતાવરણ શુદ્ધ થાય છે હિન્દી ધર્મશાસ્ત્રોનુ સાર (૧)કાર્તિક નવરાત્રિ (૨) માઘ (મહા)નવરાત્રિ (૩) ચૈત્રી નવરાત્રિ (૪)અશ્વિન (આસો) નવરાત્રિ. એમ ચાર નવરાત્રનો મહિમા છે તેમાં અશ્વિન માસના નવરાત્રનો મહિમા અધિક મનાય છે. નવરાત્રિ એટલે શક્તિ,માતા કે દેવીની આરાધનાનું પૂર્વ.આપણા ગુજરાતમાં શક્તિ સંપ્રદાયની મુખ્ય ત્રણ શક્તિપીઠો પાવાગઢ, બહુચરાજી અને અંબાજી આવેલી છે. આમ તો બારેમાસ આ યાત્રાધામોએ નવરાત્ર શ્રધ્ધાળુઓની આવન જાવન રહે જ છે, પરંતુ ખાસ કરીને નવરાત્રીમાં તેનું મહત્વ અને મહાત્મ્ય કંઈક વિશેષ જ હોય છે

માતા કૂષ્માંડાની સ્તુતિ મંત્ર-''યા દેવી સર્વભૂતેષુ મા કૂષ્માંડાં રૂપેણ સંસ્થિતા□

નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ□''માતા કૂષ્માંડાની પ્રાર્થના..સુરાસંપૂર્ણ કલશં રુધિરાપ્લુતમેવ ચ□દધાના હસ્ત પદ્માભ્યાં કૂષ્માંડા શુભદાસ્તુ મે□''

માતા કૂષ્માંડાનો બીજ મંત્ર

''ઐં હ્રી દેવ્યૈ નમઃ''

નવરાત્રિના પાંચમા દિવસે સૂર્યોદય પહેલા ઉઠીને તમામ કાર્યો પૂર્ણ કરી સ્નાન કરી લો. પહેલા કળશ વગેરેમાં રાખેલા જૂના ફૂલ, ભોગ વગેરે હટાવી દો અને પછી પૂજા શરૂ કરો. માતા દુર્ગા અને તેમના સ્વરૂપોની પૂજા કરો. સિંદૂર, ફૂલ, માળા, અક્ષત, કુમકુમ, રોલી વગેરે ચઢાવો. માતા કૂષ્માંડાનો પ્રિય ભોગ માલપુઆ ધરાવો. પછી પાણી ચઢાવો. પછી ઘીનો દીવો અને ધૂપ જલાવો, અને માતા દુર્ગા ચાલીસા, દુર્ગા સપ્તશતીનું પાઠ અને માતા કૂષ્માંડાના મંત્ર, સ્તોત્ર વગેરેનો પાઠ કરો. અંતમાં વિધિ મુજબ આરતી કરીને ભૂલચૂક માફી માંગો

માતા કુષ્માંડાની આરતીકુષ્માંડા જય જગ સુખદાનીમુજ પર દયા કરો મહારાની પિંગલા જ્વાલા મુખી નિરાલી શાકંબરી મા ભોલી ભાલી લાખો નામ નિરાલે તેરે

ભક્ત કઇ મતવાલે તેરે ભીમા પર્વત પર હે ડેરા સ્વીકારો પ્રણામ યે મેરા સબકી સુનતી હો જગદંબે

સુખ પહોંચાતી હો મા અંબે તેરે દર્શન કા મેં પ્યાસા પૂર્ણ કર દો મેરી આશા મા કે મનમેં મમતા ભારી ક્યોં ન સુનેગી અરજ હમારી તેરે દર પર કિયા હે ડેરા

દુર કરો મા સંકટ મેરા મેરે કારજ પુરે કર દો મેરે તુમ ભંડારે ભર દો

તેરા દાસ તુજે હી ધ્યાએ ભક્ત તેરે દર શીશ ઝુકાએ.

આજે આપણે પણ આ નવલા નોરતાંની કોલમમાં એક ગરબાની ઝલક લઈએ.. બોલો અંબે માતની જય..લ્યો ત્યારે બોલાવો રમઝટ.. કેસરિયો રંગ તને લાગ્યો કે ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ આસોના આવ્યા અલ્યા ગરબા, આસોના નવરાત્ર આવ્યા રે લોલ ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યાં રે ગરબા ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યા રે લોલ કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા, કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ કોના કોના માથે ત્યાં રે ગરો, કોના કોના માથે ત્યા રે લોલ નાની નાની બેનડીના માથે રે ગરબો, નાની નાની બેનડીના માથે રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ ઘૂમતો ઘૂમતો આવ્યો કે ગરબો, ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો રે આરાસુર, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા અંબાએ તને વધાવ્યો રે ગરબા,મા અંબાએ તને વધાવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો રે પાવાગઢ,હરતોને ફરતો આવ્યો રે લોલ મા કાળીએ તને વધાવ્યો રે ગરબા,મા કાળીએ તને વધાવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો માટેલ ગામ,હરતોને ફરતો આવ્યો રે લોલ મા ખોડિયારે તને વધાવ્યો રે ગરબા, મા ખોડિયારે તને વધાવ્યો રે લોલ હરતોને ફરતો આવ્યો શંખલપુર, હરતોને ફરતો આવ્યો રે મા બહુચરે તને વધાવ્યો રે ગરબા, મા બહુચરે તને વધાવ્યો રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા કેસરિયો રંગ તને લાગ્યો રે.

# રજત બેદીની દીકરી સોશિયલ મીડિયાની નવી ‘ક્રશ’ બની

**વીરાની ઉંમર ૧૮ વર્ષ છે, તેનો જન્મ ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ થયો હતો. રિપોટ્ર્સ પ્રમાણે વીરા બાકી સ્ટાર-કિડ્સથી અલગ છે**



હાલમાં જ ‘ધ બેડ્સ ઓફ બોલિવૂડ’ના પ્રીમિયરમાં બોલિવૂડના અનેક સેલેબ્રિટીએ હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં સીરિઝનો એક્ટર રજત બેદી પણ પહોંચ્યો હતો. રજત તેના પરિવાર સાથે આ પ્રીમિયર પર જોવા મળ્યો હતો. આ બધા સ્ટાર્સ વચ્ચે રજત બેદીની દીકરી વીરા બેદીએ બધાનું ધ્યાન આકર્ષિત કર્યુ હતું. લોકોને વીરા સુંદર જ નહીં પણ બોલિવૂડની ટોપ એક્ટ્રેસ કરીના કપૂરની કોપી પણ લાગી રહી છે. કેટલાક લોકોનું અનુમાન છે કે બેદી પરિવારનો સંબંધ રાજેશ ખન્નાના પ રિવાર સાથે પણ છે.શાહરૂખના દીકરા આર્યન ખાનના ડેબ્યુ શો ‘ધ બેડ્સ ઓફ બોલિવૂડ’ના પ્રીમિયર પર રજત તેની વાઈફ મોનાલિસા બેદી, દીકરો વિવાન બેદી અને દીકરી વીરા બેદી સાથે પહોંચ્યો હતો. આ ખાસ પ્રસંગે સૌની નજર દીકરી વીરા પર અટકી રહી




હતી. રજતનો મનમોહક અંદાજ જોઈને અનેક લોકો આશ્ચર્યમાં મુકાયા હતા. વીરાની ઉંમર ૧૮ વર્ષ છે, તેનો જન્મ ૧૨ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ થયો હતો. રિપોટ્ર્સ પ્રમાણે વીરા બાકી સ્ટાર-કિડ્સથી અલગ છે. તે ગ્લેમરની દુનિયાથી અલગ છે. તે હાલમાં તેના અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. રિપોટ્ર્સ પ્રમાણે, વીરા લાઈમલાઈટથી પૂરી રીતે દૂર રહે છે. જો કે તે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ક્યારે ડેબ્યૂ કરશે, તે ફિલ્મી દુનિયામાં આવશે કે નહીં તેની વિશે કોઈ માહિતી હજી સુધી સામે નથી આવી.વીરા આમ તો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. પણ તેણે તેની પ્રોફાઈલ પ્રાઈવેટ રાખી છે. જો કે, સોશિયલ મીડિયામાં તેની અમુક તસવીરો ખૂબ વાઈરલ થઈ રહી છે. રજત બેદીએ પણ તેના એકાઉન્ટ પર પરિવાર સાથેના ફોટા શેર કર્યા હતા. જેમા વીરા તેની માતા મોનાલિસા બેદી અને ભાઈ સાથે જોવા મળી રહી છે. કેટલાક લોકોનું કહેવું છે કે રજત બેદીનો દીકરો વિવાદ બેદી પણ એક્ટર વેદાંગ રૈના જેવો દેખાય છે અને તેની દીકરી નાઓમિકા સરન જેવી લાગે છે. જણાવી દઈએ એક નાઓમિકા રિંકી ખન્નાની દીકરી છે, જ્યારે રિંકી ખન્ના રાજેશ ખન્ના અને ડિમ્પલ કાપડિયાની નાની દીકરી છે. અમુક લોકોનું કહેવું છે કે કરીના જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કર્યુ હતું ત્યારે તે પણ વીરા જેવી દેખાતી હતી.

# અભિનેતા સલમાન ખાને પિતા બનવાની ઈચ્છા જતાવી


**લમાન ખાન અને આમિર ખાન “ટૂ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ” ના પહેલા એપિસોડમાં દેખાશે**

બોલિવૂડના સ્ટાર સલમાન ખાને હમણાં જ ખુલાસો કર્યો કે તે પિતા બનવા માંગે છે. સુપરસ્ટારે તેના ભૂતકાળના સંબંધો વિશે પણ વાત કરી અને પોતાને દોષી ગણાવ્યો છે. સલમાન ખાન અને આમિર ખાન “ટૂ મચ વિથ કાજોલ એન્ડ ટ્વિંકલ” ના પહેલા એપિસોડમાં દેખાશે. એક પ્રેસ નોટ અનુસાર સલમાન ખાન આ એપિસોડમાં તેના ભૂતકાળના સંબંધો અને બાળકો વિશે વાત કરશે. બોલીવુડ સુપરસ્ટાર સલમાન ખાન ૫૯ વર્ષની ઉંમરે પણ કુવારો છે. તેણે ક્યારેય લગ્ન કર્યા નથી, પરંતુ તે પિતા બનવાની ઈચ્છા રાખે છે. તાજેતરમાં, સલમાન ખાને પોતે જણાવ્યુ કે તે બાળકો ઈચ્છે છે. આ દરમિયાન સલમાને તેના ભૂતકાળના સંબંધોના અંત વિશે પણ વાત કરી, બ્રેકઅપ માટે પોતાને દોષી ઠેરવ્યો છે.સલમાન ખાને કહ્યું, “જ્યારે એક પાર્ટનર બીજા પાર્ટનર કરતા વધુ આગળ વધે, ત્યારે ઈર્ષા શરૂ થાય છે. એટલે જ બંનેએ સાથે મળીને આગળ વધવું પડશે. બંનેએ એકબીજાનો બોજ હળવો કરવો જોઈએ.” મારુ એવું માનવું છે.” જ્યારે આમિર ખાને સલમાનને તેના ભૂતકાળના સંબંધો વિશે પૂછ્યું, ત્યારે સલમાન ખાને જણાવ્યુ કે મારા કારણે જ મારા સંબંધ ટક્યા નથી.સલમાન ખાને કહ્યું, “યાર નહી જમા તો નહી જમા, કોઈને દોષી માનવો હોય તો દોષી હું પોતે જ છું.” ત્યારબાદ સલમાને પિતા બનવાની ઈચ્છા વ્યક્ત કરતા કહ્યું, “હું બહુ જલ્દી એક દિવસ બાળકો જરૂર લાવીશ. બસ વાત એ છે કે બાળકો તો હશે જ, જોજો.”આમિર ખાને પણ આ દરમિયાન જણાવ્યુ કે કેવી રીતે રીના દત્તા સાથેના તલાક દરમિયાન સલમાનની નજીક આવ્યો. તેણે કહ્યું, “ખરેખર, મને લાગે છે કે આ ત્યારે થયુ જ્યારે મારા રીનાથી તલાક થયા. તમને યાદ છે? તમે ડિનર પર આવ્યા હતા ત્યારે સલમાન અને હું પહેલી વાર ઠીક જોડાયા. કારણ કે તે પહેલાં મને લાગતું કે ભાઈ ટાઈમ પર નથી આવતો, અમને ઘણા પ્રોબ્લમ થાય છે. અંદાજ અપના અપના મા હું કહેવા માગુ છુ, સલમાનમાં બહુ જજમેંટલ હતુ યાર. શરૂ શરૂ માં હું એક વ્યક્તિ તરીકે ખૂબ જ સખત હતો.




# આલિયા પ્રચારની ઘેલછામાં પાછલી ફિલ્મોને ભૂલી ગઈ

**સોશિયલ મીડિયા પર યૂઝર્સ દ્વારા આલિયાને ટ્રોલ કરાઈ હતી અને તેને ‘જિગરા’ તથા ‘હાર્ટ ઓફ સ્ટોન’ જેવી ફિલ્મોની યાદ અપાવાઈ હતી**



બોલીવૂડ કલાકારોને તેમની પ્રચાર ટીમ શીખવાડે તે રીતે તેમની દરેક નવી ફિલ્મને બહુ મહાન, શાનદાર, હટ કે એવું બધું ગણાવી દેવાની ટેવ પડી ગઈ હોય છે. પ્રચારની આ ઘેલછામાં જોડાઈને આલિયા ભટ્ટે પણ તેની આગામી ફિલ્મ ‘આલ્ફા’ને પ ોતાની પહેલી એક્શન ફિલ્મ જણાવી દેતાં ચાહકો તેના પર ભારે નારાજ થઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર યૂઝર્સ દ્વારા આલિયાને ટ્રોલ કરાઈ હતી અને તેને ‘જિગરા’ તથા ‘હાર્ટ ઓફ સ્ટોન’ જેવી ફિલ્મોની યાદ અપ ાવાઈ હતી. આમાંથી ‘જિગરા’ તો આલિયાએ પોતે જ પ્રોડયૂસ કરી હોવા છતાં પણ નવી ફિલ્મ ખાતર તે તેને ભૂલી ગઈ હતી. કેટલાક ચાહકોએ તો આલિયાને એવો સવાલ કર્યો હતો કે તે જાતે જ ‘જિગરા’ શું એટલી ભંગાર બનાવી હતી કે તું પોતે જ તેને યાદ કરવા નથી માગતી? પ્રચારની આ ઘેલછામાં જોડાઈને આલિયા ભટ્ટે પણ તેની આગામી ફિલ્મ ‘આલ્ફા’ને પોતાની પહેલી એક્શન ફિલ્મ જણાવી દેતાં ચાહકો તેના પર ભારે નારાજ થઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર યૂઝર્સ દ્વારા આલિયાને ટ્રોલ કરાઈ હતી અને તેને ‘જિગરા’ તથા ‘હાર્ટ ઓફ સ્ટોન’ જેવી ફિલ્મોની યાદ અપાવાઈ હતી. આમાંથી ‘જિગરા’ તો આલિયાએ પોતે જ પ્રોડયૂસ કરી હોવા છતાં પણ નવી ફિલ્મ ખાતર તે તેને ભૂલી ગઈ હતી. કેટલાક ચાહકોએ તો આલિયાને એવો સવાલ કર્યો હતો કે તે જાતે જ ‘જિગરા’ શું એટલી ભંગાર બનાવી હતી કે તું પોતે જ તેને યાદ કરવા નથી માગતી?



# નેશનલ ફિલ્મ એવોર્ડ સેરેમનીમાં કિંગ ખાને ફરી દિલ જીત્યા

**બોલિવૂડના ‘કિંગ ખાન’ અને રાની મુખર્જીને તેમની કારકિર્દીનો પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો**

બોલિવૂડના ‘કિંગ ખાન’ અને રાની મુખર્જીને તેમની કારકિર્દીનો પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો હતો. મંગળવારે દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજીત ૭૧મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં બંનેને નેશનલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ સમારોહના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે, જેમાં શાહરૂખ રાનીની સાડીનો પાલવ ઠીક કરતો, તેના વાળ વ્યવસ્થિત કરતો જોવા મળી રહ્યો છે.આ વીડિયો સામે આવતાની સાથે જ તે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો છે અને યુઝર્સ તેના પર પ્રતિક્રિયા આપવા લાગ્યા. એક યુઝરે લખ્યું, ‘શાહરુખ ખાનથી મોટો કોઈ સજ્જન નથી. દરેક વખતે.’ બીજા યુઝરે કોમેન્ટ કરી, ‘જેન્ટલમેન.’ ત્રીજા યુઝરે લખ્યું, ‘કુછ કુછ હોતા હૈ’ની યાદો પાછી આવી ગઈ.’ ચોથા યુઝરે પૂછ્યું, ‘તમે કેટલી વાર એકનું દિલ જીતી શકશો?’ બીજા ઘણા લોકોએ પણ એક્ટરની પ્રશંસા કરી હતી.શાહરૂખ ખાનને ફિલ્મ રૂૅ ‘જવાન’ માટે રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. સમારંભ દરમિયાન એક્ટરની દીકરી સુહાના ખાને, શાહરૂખ ખાનનો સિલ્વર લોટસ એવોર્ડ પહેરેલો ફોટો પોસ્ટ કર્યો. કેપ્શનમાં લખ્યું કે, ‘તમે હંમેશા કગો છો કે, તમે સિલ્વર ક્યારેય જીત્યો નથી અને ગોલ્ડ હંમેશા હાર્યો છે. પણ આ સિલ્વર ગોલ્ડ છે...તમને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત થતો જોઈને અમારું હૈયું ભરાઈ ગયું છે. અભિનંદન પપ્પા. અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ.’ ‘તમે હંમેશા કગો છો કે, તમે સિલ્વર ક્યારેય જીત્યો નથી અને ગોલ્ડ હંમેશા હાર્યો છે. પણ આ સિલ્વર ગોલ્ડ છે...તમને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત થતો જોઈને અમારું હૈયું ભરાઈ ગયું છે. અભિનંદન પપ્પા. અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ.’

**તમે બંને સૌથી સારા માતા-પિતા બનશો : અક્ષય**

# કેટરિના કૈફની પ્રેગ્નન્સી અંગે અક્ષય કુમારની અનોખી ડિમાન્ડ

**કેટરિનાની પોસ્ટ બાદ નેહા ધૂપિયા, મિની માથુર, વરુણ ધવન સહિતની અનેક બોલિવુડની સેલિબ્રિટીએ તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી**



મુંબઈ: લગ્નના ચાર વર્ષ બાદ કેટરિના કેફ અને વિક્કી કૌશલે તેમના પ રિવારજનો તથા ચાહકોને સારા સમાચાર આપ્યા છે. કેટરિના કેફે પોતાના બેબી બમ્પ સાથેની તસવીર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને તેની પ્રેગનેન્સીની જાણ કરી હતી. જેને લઈને તેનું કમેન્ટ બોક્સ શુભેચ્છાઓના સંદેશથી ભરાઈ ગયું હતું. જોકે, કેટરિના કેફની પ્રેગનન્સીના સમાચાર સાંભળીને અક્ષય કુમારે તેની પાસે એક અનોખી માંગણી કરી છે.કેટરિના કેફે ઈન્સ્ટાગ્રામ પર પોતાનો બેબી બમ્પ સાથેનો ફોટો પોસ્ટ કરીને કેપ્શનમાં લખ્યું હતું કે, “અમે અમારી જિંદગીનું બેસ્ટ ચેપ્ટર શરૂ કરવા તરફ આગળ વધી રહ્યા છીએ. અમને પણ ખુશીઓ થઈ છે.” જોકે આ પોસ્ટ જોયા બાદ અક્ષય કુમારે કેટરિના કેફ અને વિક્કી કૌશલ પાસે એક ખાસ માંગણી કરી છે.અક્ષય કુમારે કમેન્ટ બોક્સમાં જણાવ્યું કે, “કેટરિના અને વિક્કી, તમારા માટે ઘણો ખુશ છું. હું તમને સારી રીતે જાણી છું, તેથી હું કહીં શકું છું કે, તમે બંને સૌથી સારા માતા-પિ તા બનશો. પરંતુ, તમારા બાળકને અંગ્રેજી અને પંજાબી બંને શીખવાડજો. ઘણો બધો પ્રેમ અને આશીર્વાદ, જય મહાદેવ.”ઉલ્લેખનીય છે કે, કેટરિના કેફની આ પોસ્ટ બાદ નેહા ધૂપિયા, મિની માથુર, વરુણ ધવન, રાજકુમાર રાવ, રિયા કપૂર, આયુષ્યમાન ખુરાના, મનીષ પોલ, અનુષા દાંડેકર, સિદ્ધાર્થ ચતુર્વેદી, જોયા અખ્તર, ભૂમિ પેડનેકર, અંશુલા કપૂર, અંગદ બેદી, અતુલ અગ્નિહોત્રી સહિતની અનેક બોલીવુડની સેલિબ્રિટીએ તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી. જોકે આ પોસ્ટ જોયા બાદ અક્ષય કુમારે કેટરિના કેફ અને વિક્કી કૌશલ પાસે એક ખાસ માંગણી કરી છે.અક્ષય કુમારે કમેન્ટ બોક્સમાં જણાવ્યું કે, “કેટરિના અને વિક્કી, તમારા માટે ઘણો ખુશ છું. હું તમને સારી રીતે જાણી છું, તેથી હું કહીં શકું છું કે, તમે બંને સૌથી સારા માતા-પિ તા બનશો. પરંતુ, તમારા બાળકને અંગ્રેજી અને પંજાબી બંને શીખવાડજો. ઘણો બધો પ્રેમ અને આશીર્વાદ, જય મહાદેવ.”ઉલ્લેખનીય છે કે, કેટરિના કેફની આ પોસ્ટ બાદ નેહા ધૂપિયા, મિની માથુર, વરુણ ધવન, રાજકુમાર રાવ, રિયા કપૂર, આયુષ્યમાન ખુરાના, મનીષ પોલ, અનુષા દાંડેકર, સિદ્ધાર્થ ચતુર્વેદી, જોયા અખ્તર, ભૂમિ પેડનેકર, અંશુલા કપૂર, અંગદ બેદી, અતુલ અગ્નિહોત્રી સહિતની અનેક બોલીવુડની સેલિબ્રિટીએ તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

**આ યાદીમાં પહેલાથી જ માઈકલ જેક્સન પોપ ફ્રાન્સિસ અને રાણી એલિઝાબેથ ૨ના યાદગાર અંતિમયાત્રાઓનો સમાવેશ થાય છે**

# ઝુબીન ગર્ગની અંતિમ વિદાયની ક્ષણો લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાઈ

જીવનકાળ દરમિયાન આસામી ગાયક ઝુબીન ગર્ગ માટે તેમના ચાહકો અને પ્રશંસકોમાં કેટલો ક્રેઝ હતો તેનો ખ્યાલ નહીં હોય, પરંતુ તેમણે તેમના નિધન સાથે સમગ્ર વિશ્વ માટે તેની એક ઝલક છોડી દીધી. લાખોની સંખ્યામાં એક વિશાળ ભીડ તેમને વિદાય આપવા માટે એકઠી થઈ. ચાહકોની આ ભીડ એટલી મોટી હતી કે તેણે તે ક્ષણને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન અપાવ્યું. સુપ્રસિદ્ધ ગાયક ઝુબીન ગર્ગને વિદાય આપવા માટે લાખો લોકો ઉમટી પડ્યા. આ પ્રખ્યાત આસામી ગાયકને વિદાય આપવા માટે લાખો લોકો રસ્તાઓ પર ઉમટી પડ્યા. થોડી જ વારમાં, રસ્તાઓ સમુદ્ર જેવા બની ગયા. દરેક વ્યક્તિ પોતાના પ્રિય ગાયકને છેલ્લી વાર જોવા માંગતો હતો.અહેવાલો અનુસાર, આને ઈતિહાસના સૌથી મોટા અંતિમ સંસ્કારોમાંનું એક માનવામાં આવે છે, અને આ કારણોસર, તેને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન આપવામાં આવ્યું છે. એવું નોંધાયું છે કે જુબિન ગર્ગની અંતિમયાત્રા વિશ્વભરમાં ચોથા સૌથી મોટા જાહેર મેળાવડામાં



નોંધાઈ છે. આ યાદીમાં પહેલાથી જ માઈકલ જેક્સન, પોપ ળાન્સિસ અને રાણી એલિઝાબેથ ૨ ના યાદગાર અંતિમયાત્રાઓનો સમાવેશ થાય છે.આ દુઃખદ પ્રસંગે ગુવાહાટીમાં ટ્રાફિક સંપૂર્ણપ ણે ઠપ્પ થઈ ગયો હતો કારણ કે સમગ્ર રસ્તાઓ તેમના ચાહકોથી ભરાઈ ગયા હતા. વિશાળ અંતિમયાત્રા હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિઓથી ભરેલી હતી, જેમાં ફૂલો, હૃદયસ્પર્શી પ્રાર્થનાઓ, આંસુઓ અને ભાવનાત્મક ગીતો હવાને ભરી રહ્યા હતા. શહેરના દરેક ખૂણામાં ઊંડો શોક છવાઈ ગયો હતો, ફક્ત આસામ માટે જ નહીં, પરંતુ જુબિનના સંગીત સાથે ઉછરેલી પેઢી માટે પણ અ સમય નોંધપાત્ર હતો.જુબિનએ આસામી સંગીતને રાષ્ટ્રીય માન્યતા અપાવી હતી. તેમણે ગેંગસ્ટર (૨૦૦૬) ના “યા અલી” જેવા સદાબહાર ગીતો દ્વારા બોલિવૂડમાં પણ પોતાની છાપ છોડી હતી. વિવિધ ભાષાઓ અને શૈલીઓમાં ગાવાની તેમની ક્ષમતાએ તેમને ઘરે ઘરે જાણીતું નામ અને ત્યાં ગૌરવનું પ્રતીક બનાવ્યું.૧૯ સપ્ટેમ્બરના રોજ સિંગાપોરમાં સ્કુબા ડાઈવિંગ અકસ્માતમાં તેમનું અવસાન થયું. આ દુઃખદ ઘટનાએ સમગ્ર દેશને આઘાત આપ્યો. જુબિન નોર્થ ઈસ્ટ ફેસ્ટિવલમાં પર્ફોર્મ કરવા માટે સિંગાપોર પ હોંચ્યો હતો. કાર્યક્રમ પહેલા, તે મિત્રો સાથે સ્કુબા ડાઈવિંગ કરવા ગયો હતો. તે પડી જતાં પાણીની અંદર બેભાન થઈ ગયો. તાત્કાલિક બચાવ અને તબીબી સહાય છતાં, ડોકટરો તેમને બચાવી શક્યા નહીં. તેઓ ૫૨ વર્ષના હતા.

# સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત SDH હોસ્પિટલ ઝાલોદ ખાતે આરોગ્ય હેલ્થ કેમ્પ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

સબ ડિસ્ટિક હોસ્પિટલ ઝાલોદ ખાતે ભારત સરકારના માર્ગદર્શન હેઠળ તારીખ - ૨૫/૦૯/૨૦૨૫ ના દિવસે સ્વસ્થ નારી સશક્ત પરિવાર પખવાડિયા અભિયાન અંતર્ગત તેમજ "વર્લ્ડ ફાર્માશિષ્ટ ડે" નિમિતે હેલ્થ કેમ્પનું આયોજન હોસ્પિટલમાં કરવામાં આવ્યું. આ આયોજન SDH હોસ્પિટલના અધિક્ષક ડો. પ્રતિમા મહેતા, RMO ડૉ ચંદ્રા પારવાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો. આ કેમ્પમાં ગાયનેકોલોજિસ્ટ (કો પ્રિયંકા હાંડા, ND મેડિસીન ડૉ રોહિત તાવિયાડ, રેડિયોલોજીસ્ટ ડૉ અશ્વિન સોની , ડર્મેટોલોજિસ્ટ ડૉ ભાવના ભાભોર તેમજ મેડિકલ ઓફિસર 'ડૉ બિરેન પટેલ, ડૉ સતિષ ભાભોર દ્વારા દરેક રોગોને લગતી તપાસ કરવામાં આવી. વિશેષમાં વર્લ્ડ ફાર્માશિષ્ટ ડે' નિમિત ફાર્માશિષ્ટ ભાવેશભાઈ નાયક દ્વારા દવાઓને લગતી સમજણ આપી હોસ્પિટલના દર્દીઓને ફળ - ફળાદી વિતરણ કરી વર્લ્ડ ફાર્માશિષ્ટ ડે ની ઉજવણી કરવામાં આવી. આ કેમ્પમાં ૯૦૪ જેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો જેમાં ગાયનેકોલોજિસ્ટના લાભાર્થી ૨૯ ) ND મેડિસિનના લાભાથી ૫૬ , ૪૮ જનરલ OPD ના લાભાર્થી, ૬૯ રેડયોલોજિસ્ટ ના લાભાર્થી, NCD ક્લિનિકના લાભાર્થી ૧૪૩, જેટલા લાભાર્થીઓએ લાભ આપી કેમ્પને સફળ બનાવવામાં આવ્યો. વિશેષમાં હોસ્પિટલના કાઉન્સેલરો દ્વારા HIV, RPR TB, જાતીય રોગો, ફેમિલી પ્લાનીંગ, સીકસેલ ,લેપ્રેસી વિશે સમજણ આપી આ કેમ્પને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

# કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

। (માહિતી) નડિયાદ, તા.૨૫ ।

કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં નડિયાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો. જેમાં, પાણી નિકાલ, અનિયમિત વીજ પ્રવાહ, ખેતી માટે વીજ જોડાણ, સરકારી જમીનમાં દબાણ, વીજ લાઈન ખરીદવા, રોડ પર પ્લાસ્ટિક રિફ્લેકટર દૂર કરવા, ગરનાળા રીપેર કરવા અને એસ. ટી. બસ સુવિધા સહિતની કુલ ૦૮ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. કલેકટરશ્રીએ અરજદારોની રજૂઆત અને સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરાયેલ કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામોને સત્વરે દૂર કરવા જણાવ્યું હતું. આમ, તમામ રજૂઆતોનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં મનપા કમિશનર શ્રી જી.એચ.સોલંકી, પોલીસ અધિક્ષક શ્રી વિજય પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, નિવાસી અધિક કલેકટર શ્રી જે.બી.દેસાઈ, અરજદારો અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આમ, તમામ રજૂઆતોનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં મનપા કમિશનર શ્રી જી.એચ.સોલંકી, પોલીસ અધિક્ષક શ્રી વિજય પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, નિવાસી અધિક કલેકટર શ્રી જે.બી.દેસાઈ, અરજદારો અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મ્યુનિસિપલ કમિશનર શ્રી જી. એચ. સોલંકીની અધ્યક્ષતામાં વિકાસ કાર્યોની ઝાંખી આપતી પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

। (માહિતી) નડિયાદ, તા.૨૫ ।

મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર શ્રી જી. એચ. સોલંકીની અધ્યક્ષતામાં મહાનગરપાલિકા, નડિયાદ ખાતે વિકાસ કાર્યોની ઝાંખી આપતી પ્રેસ કોન્ફરન્સ યોજાઈ. જેમાં, કમિશનરશ્રીએ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વિસ્તારોમાં હાથ ધરાયેલ વિકાસ કામો અને આગામી આયોજન બાબતે સવિસ્તૃત માહિતી આપી હતી. કમિશનરશ્રીએ સફાઈ, પરિવહન, રસ્તાઓ, શિક્ષણ, ઢોર નિયંત્રણ, જાહેર બાંધકામ, તળાવ રીનોવેશન, ગટર સફાઈ, અર્બન ફોરેસ્ટ, ફાયર સેફટી, ગાર્ડન સફાઈ, સ્પોર્ટ્સ, હેરિટેજ પાથ, વેજીટેબલ માર્કેટ જેવા અતિ મહત્વના વિષયો પર કામગીરીની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સફાઈ બાબતે નવા કોન્ટ્રાક્ટના અમલીકરણથી ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના માટે ૮૦ થી વધુ વ્હીકલ વસાવવામાં આવ્યા છે. જેમાં, નગરજનો પણ ઉત્સાહ પૂર્વક સ્વચ્છતા જાળવણીના પ્રયાસોમાં ભાગીદાર બની રહ્યા છે. શહેરમાં રસ્તાઓના સુદ્રઢીકરણ માટે ચોમાસા બાદ ૨૦ કરોડથી વધુ રકમના રસ્તાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. સાથે જ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે જોડાયેલી ગ્રામ પંચાયતોમાં ૬.૯૭ કરોડના ખર્ચે ૧૧ જેટલા સિટી સિવિક સેન્ટર ઊભા કરવામાં આવશે. જેનાથી આ ગ્રામજનોને પ્રાથમિક જન સુવિધા નજીકના સ્થળે જ ઉપલબ્ધ થશે. જાહેર બાંધકામ મજબૂત કરવાના આશયથી ઈપ્કોવાળા ઓડિટોરિયમ સાથે તેની પાછળની જગ્યાએ એક્ઝિબિશન સેન્ટર પણ તૈયાર કરવામાં આવશે. કમળા, પીપલગ અને ડુમરાલ તળાવ સફાઈ માટે રૂ. ૧ કરોડના ખર્ચે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. સાથે જ શહેરમાં હરિયાળીનું સ્તર ઊંચું લાવવા અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટ માટેનું આયોજન છે. તથા ફાયર સેફ્ટીના મહત્વને ધ્યાને રાખીને અધ્યતન નવા સાધનો પણ વસાવવામાં આવ્યા છે.

માત્ર દોઢ વર્ષના અંદર ઇલેક્ટ્રિક લોકોમોટિવ જાળવણીનો અનુભવ પ્રાપ્ત કરીને શેડે નિર્ધારિત ધોરણો અનુસાર IOH કાર્ય પૂર્ણ કર્યું

# સાબરમતી લોકો શેડે ઇલેક્ટ્રિક લોકોમોટિવનું પ્રથમ ઇન્ટરમીડિયેટ ઓવરહોલ (IOH) સફળતાપૂર્વક પૂર્ણ કર્યું



। (રેલ્વે) અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ રેલ મંડળના લોકો શેડ, સાબરમતી એ એક મહત્વપૂર્ણ મીલનો પથ્થર પાર કર્યો છે. માર્ચ ૨૦૨૩ માં શેડને થ્રી-ફેઝ ઈલેક્ટ્રિક લોકોમોટિવના જાળવણીની જવાબદારી સોંપવામાં આવી હતી. ઈલેક્ટ્રિક એન્જિનના મેન્ટેનન્સની શરૂઆત કર્યા બાદથી સાબરમતી શેડે સતત પ્રગતિ કરી છે અને હવે પોતાની મહેનત અને સમર્પણના પરિણામ રૂપે સાબરમતી લોકો શેડે ઈલેક્ટ્રિક લોકોમોટિવ WAG-9HC લોકોમોટિવ નંબર ૩૨૩૨૨ નું પ્રથમ ઈન્ટરમીડિયેટ ઓવરહોલ (IOH) સફળતાપૂર્વક પૂર્ણ કરી પોતાની તકનીકી કુશળતાનું પ્રમાણ આપ્યું છે. મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે લોકો શેડ સાબરમતીમાં પ્રથમ ઈન્ટરમીડિયેટ ઓવરહોલ (IOH) લોકોમોટિવને લીલી ઝંડી બતાવીને રવાના કર્યું. આ અવસરે શેડના અધિકારીઓ અને કર્મચારીઓના ઉત્તમ પ્રયત્નોની પ્રશંસા કરી. તેમણે સૌને પોતાના કૌશલ્યમાં સતત વૃદ્ધિ કરી ભારતીય રેલની સેવાઓને વિશ્વસ્તરીય સ્તરે પહોંચાડવા માટે પ્રેરિત કર્યા. સાબરમતી શેડની સ્થાપના વર્ષ ૧૯૭૮ માં MG ડિઝલ YDM4 લોકોમોટિવની જાળવણી માટે કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯ થી શેડે ઉચ્ચ હોર્સ-પાવર WDG4 ડિઝલ લોકોમોટિવની જાળવણી શરૂ કરી અને સતત પોતાની ક્ષમતાઓનું વિસ્તરણ કર્યું. માર્ચ ૨૦૨૩ માં શેડને થ્રી-ફેઝ ઈલેક્ટ્રિક લોકોમોટિવના જાળવણીની જવાબદારી સોંપવામાં આવી. કર્મચારીઓએ વડોદરા, વટવા અને વલસાડ ઈલેક્ટ્રિક શેડમાંથી તાલીમ મેળવી જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કર્યું. એપ્રિલ ૨૦૨૫ થી શેડે સૌથી શક્તિશાળી WAG12B લોકોમોટિવની જાળવણી પણ શરૂ કરી. માત્ર દોઢ વર્ષના અંદર ઈલેક્ટ્રિક લોકોમોટિવ જાળવણીનો અનુભવ મેળવીને શેડે નિર્ધારિત ધોરણો અનુસાર IOH કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. IOH દરેક છ વર્ષે એકવાર કરવામાં આવે છે અને તેમાં લોકોમોટિવની તમામ સિસ્ટમોનું વ્યાપક નિરીક્ષણ અને ઓવરહોલ સામેલ હોય છે, જેથી આગામી છ વર્ષ સુધી સતત અને વિશ્વસનીય કામગીરી સુનિશ્ચિત કરી શકાય. આ સિદ્ધિ માત્ર સાબરમતી શેડની ટેકનિકલ ક્ષમતા સાબિત કરતી નથી, પરંતુ ભારતીય રેલની સતત પ્રગતિ અને યાત્રીઓ અને ગ્રાહકોને ગુણવત્તાસભર સેવાઓ પ્રદાન કરવા પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે.

# સુરતમાં ગેરકાયદે દબાણ કરનારાઓનો ચોરી ઉપરથી સીનાજોરી જેવો ઘાટ

। (માહિતી) સુરત, તા.૨૫ ।

સુરત પાલિકાના વરાછા ઝોનમાં આવેલા સણીયા હેમાદમાં પાલિકાની ટીમ ગેરકાયદે બાંધકામનું ડિમોલિશન કરવા ગઈ તો ગેરકાયદે બાંધકામ કરનારાઓએ પાલિકાની કામગીરીનો વિરોધ કર્યો હતો. શહેરના અન્ય વિસ્તારમાં પણ ગેરકાયદે ઔદ્યોગિક બાંધકામ થઈ રહ્યાં છે તો અહી જ ડિમોલીશન કેમ તેવું કહીને પાલિકાની કામગીરી સામે વિરોધ કર્યો હતો. સુરતના સણીયા હેમાદમાં પાલિકાના અધિકારીઓ અને રાજકારણીઓની મીલીભગતમાં કોટેજ ઈન્ડસ્ટ્રીઝના નામે ગેરકાયદે ઈન્ડર્સ્ટરીયલ બાંધકામ થયા છે. આ ગેરકાયદે બાંધકામ સામે અનેક ફરિયાદ થઈ છે પરંતુ કેટલાક રાજકારણીઓ અને અધિકારીઓ આ બાંધકામને સેફ પેકેજ આપી રહ્યાં છે. તો બીજી તરફ કેટલાક લોકો સતત ફરિયાદ કરી રહ્યાં છે. આવી સ્થિતિમાં આજે પાલિકાની ટીમ સણીયા હેમાદમાં ગેરકાયદે બાંધકામના ડિમોલીશન માટે પહોંચી હતી જ્યાં ગેરકાયદે બાંધકામ કરનારાઓએ પાલિકાની કામગીરી સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગેરકાયદે બાંધકામ કરનારાઓએ આક્ષેપ કર્યો હતો કે સુરત શહેરમાં અનેક જગ્યાએ ગેરકાયદે ઔદ્યોગિક બાંધકામ થયા છે તેનું ડિમોલિશન કરવામા આવતું નથી અને અહીં ડિમોલીશન કરવામાં આવે છે. બાંધકામ કરનારાઓ બેનર લઈ વિરોધ પ્રદર્શન કરતા હતા તેઓનો એવો દાવો હતો કે અહી ૬૦ હજાર જેટલા લોકોને રોજીરોટી આપવામાં આવે છે જો ડિમોલીશન કરાશે તો આ લોકોની રોજીરોટી બંધ થઈ જશે. આવી દલીલ સાથે ગેરકાયદે બાંધકામને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કર્યો હતો.

# કેનેડાના વર્ક પરમિટના નામે મહિલા વિઝા કન્સલ્ટન્ટે ૫.૮૩ લાખ પડાવી લીધા

। (માહિતી) વડોદરા, તા.૨૫ ।

વડોદરા વિદેશ મોકલવાના નામે છેતરપિંડીના કિસ્સા અવારનવાર આવી રહ્યા છે ત્યારે સારાભાઈ કેમ્પસ વિસ્તારમાં આવેલી બીજા કન્સલ્ટન્ટની ઓફિસ સંચાલક સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. નિઝામપુરાના અવધ ફ્લેટમાં રહેતા અને ખાનગી બેંકમાં ફરજ બજાવતા પરેશભાઈ મિસ્ત્રીએ પોલીસને કહ્યું છે કે મારે કેનેડા જવાનું હોવાથી મિત્ર મારફતે ગેડા સર્કલ પાસે એટલાન્ટિક ટાવરમાં આવેલી ઈજી માય ઈમિગ્રેશનની ઓફિસની સંચાલિકા પૂજા આહુજા સાથે ઓક્ટોબર ૨૦૨૩ માં મુલાકાત થઈ હતી. પૂજા આહુજાએ મને ૩૫ લાખમાં બે વર્ષના વર્ક પરમિટ અપાવવાની વાત કરી હતી અને છ મહિનામાં કામ થઈ જશે તેમ કહેતા મેં તેમને ફાઈલ આપી હતી.

મને લિંક મોકલીને એક્ઝામ પણ અપાવી હતી જેમાં હું પાસ થયો હતો. યુવકે કહ્યું છે કે, મેં પૂજા આહુજાને ૬.૮૩ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. પરંતુ તેમનો જોબ લેટર બોગસ હોવાને કારણે મારા વિઝા રદ થયા હતા. ત્યારબાદ મેં રકમ પરત માંગતા મને એક લાખ રૂપિયા પરત આપ્યા હતા. પરંતુ બીજી રકમ હજી સુધી આપી નથી. જેથી ગોરવા પોલીસે પૂજા આહુજા (કલ્પ ડિઝાયર,ગોત્રી,વડોદરા)સામે ગુનો દાખલ કર્યો છે.

# કોંગ્રેસી નેતાએ રાજકોટમાં રોડની કામગીરીમાં ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો

। (માહિતી) રાજકોટ, તા.૨૫ ।

રાજકોટના વોર્ડ નંબર ૧૩માં સ્વામિનારાયણ ચોક ખાતે રસ્તાના સમારકામ (થીગડા)ના કામમાં ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો છે. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર જાગૃતિ ડાંગરનો આરોપ છે કે, નવા બનેલા રસ્તા પર મેટલનું કામ યોગ્ય રીતે ન થતાં એક મેટાડોર વાહન અંદર ખૂંપી ગયું હતું, જેના કારણે તંત્રની કામગીરી પર સવાલો ઉઠ્યા છે. સ્વામિનારાયણ ચોક વિસ્તારમાં ખાડા પડેલા રસ્તામાં થીગડા મારી રોડ સરખો કરવામાં આવ્યો હતો. જોકે, આ થીગડામાં પણ કામની ગુણવત્તા જળવાઈ ન હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. કારણ કે, નવા બનેલા રોડ પરથી પસાર થતી એક મેટાડોર અચાનક રોડની અંદર ઘૂસી ગઈ હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે રોડ પર માત્ર ડામરનું પાતળું પડ પાથરવામાં આવ્યું હતું અને નીચે મેટલનું કામ કરવામાં આવ્યું ન હતું. આ ઘટના બાદ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે શાસકો માત્ર દેખાડા ખાતર કામ કરે છે અને નાગરિકોના પૈસાનો દુરૂપયોગ કરે છે. આ પ્રકારના હલકી ગુણવત્તાના કામોને કારણે ભવિષ્યમાં મોટા અકસ્માત થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. કોંગ્રેસી નેતાએ રાજકોટમાં રોડની કામગીરીમાં ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો, વાહન રસ્તામાં જ બેસી ગયું, આ મામલે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોની માગ છે.

# મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદમાં "એસબીઆઈ-આરએસપી પેકેજ" અંગે જાગરૂકતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું




। (રેલ્વે) અમદાવાદ, તા.૨૫ ।

ભારતની બે અગ્રણી સંસ્થાઓ, દુનિયાના સૌથી મોટા રેલવે નેટવર્કમાંથી એક ભારતીય રેલવે (આઈઆર) અને દેશના સૌથી મોટા સાર્વજનિક ક્ષેત્રના બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) વચ્ચે તા. ૦૧.૦૯.૨૦૨૫ના રોજ એક ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદમાં ભારતીય રેલવે અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વચ્ચે "એસબીઆઈ-આરએસપી પેકેજ" સંબંધી થયેલા આ MoU વિષે જાગરૂકતા સેમિનારનું આયોજન થયું. આ સમજૂતી કરાર અંતર્ગત, એસબીઆઈમાં પગાર ખાતું ધરાવતા રેલવે કર્મચારીઓ માટે વીમા કવરેજમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. અચાનક મૃત્યુ થવાની પરિસ્થિતિમાં, વીમા લાભ વધારીને ૧ કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે. તે ઉપરાંત, એસબીઆઈમાં માત્ર પગાર ખાતું ધરાવતા તમામ રેલવે કર્મચારીઓને, કોઈપણ પ્રીમિયમ ચૂકવ્યા વગર અથવા કોઈપણ મેડિકલ ચકાસણી કર્યા વગર ૧૦ લાખ રૂપિયાનો કુદરતી મૃત્યુ વીમા કવરેજ મળશે. લગભગ ૭ લાખ રેલવે કર્મચારીઓના પગાર ખાતા એસબીઆઈમાં હોવાથી, આ સમજૂતી કર્મચારી કલ્યાણની દિશામાં એક મોટું પગલું છે, જે ભારતીય રેલવે અને એસબીઆઈ વચ્ચેની સંવેદનશીલ અને માનવીય ભાગીદારી દર્શાવે છે. આ સમજૂતી કરાર અંતર્ગત કેટલાક મુખ્ય પૂરક વીમા કવરનો સમાવેશ કરવામાં આવ્યો છે :

૧.૬૦ કરોડ રૂપિયા સુધીનું હવાઈ અકસ્માત (મૃત્યુ) વીમા કવર

રૂપે ડેબિટ કાર્ડ પર ૧.૦૦ કરોડ રૂપિયા સુધીનું વધારાનું કવર

૧.૦૦ કરોડ રૂપિયા સુધીનું વ્યક્તિગત અકસ્માત (કાયમી સંપૂર્ણ અપંગતા) કવર

૮૦ લાખ રૂપિયા સુધીનું વ્યક્તિગત અકસ્માત (કાયમી આંશિક અપંગતા) કવર

આ સેમિનારમાં મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, વરિષ્ઠ મંડળ કર્મચારી અધિકારી શ્રી સિદ્ધાર્થ, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અજ્ઞુ ત્યાગી, વરિષ્ઠ મંડળ વિત્ત પ્રબંધક શ્રી ધર્મવીર તાંડી તથા અન્ય તમામ શાખા અધિકારીઓ અને રેલ અધિકારીઓ તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એજીએમ શ્રી રાજેશ ગર્ગ તથા અન્ય અધિકારીઓ હાજર રહ્યા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. વેપારી લોકો આજે અનુભવી લોકો જોડે વેપાર આગળ વધારવા માટે સલાહ લયી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. કેટલાક મહત્વના મુદ્દા સાથે કામ પાડવાની તમારી રીત કેટલાક સહ-કર્મચારીઓને નહીં ગમે-પણ તેઓ કદાચ આ વિશે બધું જ નહીં કહે- તમને જો એવું લાગે કે પરિણામો યોગ્ય અથવા તમે ઈચ્છો છો એવા નથી.

**કર્ક (ડ,હ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમારૂં જીવન એક સુંદર વળાંક લેશેઅનોય તમારે વધારો પડતો સમય માગશે-તેમને કોઈ વચન આપો એ પૂર્વે તકેદારી રાખે કે તમારા કામા પર તેની અસર ન થાય.

**સિંહ (મ,ટ) :**

આજે તમે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિશ કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે.

**તુલા (ર,ત) :**

આજે તમે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. નવા વિચારો ઉત્પાદક હશે. ઘર ના કામકાજ પૂર્ણ કર્યા પછી, આ રાશિ ની ગૃહિણીઓ આજે મફત સમય માં ટીવી અથવા મોબાઈલ પર મૂવી જોઈ શકે છે. તમારા જીવનસાથીના વતર્તન વિશે તમને અજુગતું લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે. લાગણીશીલ અંતરાયો તમને તકલીફ આપી શકે છે. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ, પણ જો તમે કામ કરી રહ્યો હો તો તમારે બિઝનેસને લગતા સોદાઓમાં સાવચેતી રાખજો.

**ધન (ભ,ધ,ફ) :**

આજે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષય આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મકર (ખ,જ) :**

આજે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો. આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.



આ ફાઇલ ફોટામાં ભારતના શુભમન ગિલ (ડાબે) અને રવિન્દ્ર જાડેજા (ઇંગ્લેન્ડ સામે લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે) ટેસ્ટ ક્રિકેટ મેચ દરમિયાન. ગુરુવારે ગિલ અને જાડેજાને વેસ્ટ ઇન્ડીઝ સામેની આગામી ઘરઆંગણે શ્રેણી માટે ભારતની ટેસ્ટ ટીમમાં અનુક્રમે કેપ્ટન અને ઉપ-કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

### એશિયા કપ વચ્ચે ICCની મોટી કાર્યવાહી

# ICCએ યુનાઇટેડ સ્ટેટ્સ ક્રિકેટ બોર્ડને સસ્પેન્ડ કરી દીધું

। (એજન્સી) દુબઈ, તા.૨૫ ।

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ આખરે USA ક્રિકેટ (USAC) બોર્ડને સસ્પેન્ડ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. 2024 T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનને હરાવીને સનસનાટી મચાવનાર યુએસ ક્રિકેટ ટીમ હવે મોટી ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે. યુએસ ક્રિકેટના વિવિધ હિસ્સેદારો તરફથી અસંખ્ય લેખિત ફરિયાદો મળ્યા બાદ ICCએ આ પગલું ભર્યું હતું. ICCએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ આજે યુએસએ ક્રિકેટના ICC સભ્યપદના દરજ્જાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની પુષ્ટિ કરી છે, છેલ્લા એક વર્ષમાં બાબતોની સંપૂર્ણ સમીક્ષા અને મુખ્ય હિસ્સેદારો સાથે વાત કરી છે. ICC બોર્ડ દ્વારા તેની બેઠક દરમિયાન લેવાયેલ આ નિર્ણય, ICC બંધારણ હેઠળ ICC સભ્ય તરીકે USA ક્રિકેટ દ્વારા તેની જવાબદારીઓના વારંવાર અને સતત ઉલ્લંઘન પર આધારિત હતો.’’

ICCએ તેના નિવેદનમાં વધુમાં કહ્યું, ‘‘આમાં કાર્યાત્મક શાસન માળખું લાગુ કરવામાં નિષ્ફળતા, યુનાઈટેડ સ્ટેટ્સ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક સમિતિ (USOPC) સાથે રાષ્ટ્રીય શાસન સંસ્થાનો દરજ્જો પ્રાપ્ત કરવા તરફ પ્રગતિનો અભાવ અને લેવામાં આવેલા નોંધપાત્ર પગલાંનો સમાવેશ થાય છે. આનાથી યુનાઈટેડ સ્ટેટ્સ અને સમગ્ર વિશ્વમાં ક્રિકેટની પ્રતિષ્ઠાને નુકસાન થયું છે.’’ ગયા વર્ષે શ્રીલંકામાં તેની વાર્ષિક પરિષદ દરમિયાન નોટિસ આપવામાં આવી ત્યારથી USAC સંકટનો સામનો કરી રહ્યું છે. આ વર્ષે સિંગાપોરમાં થયેલી પરિષદમાં ક્રિકેટ સંસ્થાને બધું વ્યવસ્થિત કરવા માટે વધુ ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો હતો. અઠવાડિયા સુધી ICCએ USAC અને તેના પ્રમુખ વેણુ પિસિકેને પારદર્શક શાસન માટે ન્યાયી પ્રક્રિયાઓ સ્થાપિત કરવા વારંવાર ચેતવણી આપી હતી.

## કોલકાતા-મરાઠાવાડામાં આભ ફાટ્યું, મૃત્યુઆંક ૧૮ થયો

। (એજન્સી) કોલકાતા, તા.૨૫ ।

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં રાતોરાત ધોધમાર વરસાદ ખાબક્યો હતો, જેને પગલે આખુ શહેર અને આસપાસના વિસ્તારો થંભી ગયા હતા. દરમિયાન વરસાદની વિવિધ ઘટનાઓમાં ૧૦ લોકો માર્યા ગયા હતા. જેમાં નવ લોકો વીજ કરંટને કારણે માર્યા ગયા હતા. બીજી તરફ મહારાષ્ટ્રના મરાઠાવાડામાં પણ ભારે વરસાદ પડયો છે, સમગ્ર વિસ્તારમાં વરસાદની વિવિધ ઘટનાઓમાં આઠ લોકો માર્યા ગયા હતા. ચોમાસુ વિદાય લઈ રહ્યું છે એવા સમયે જ કોલકાતાને વરસાદે ધમરોળ્યું હતું. કોલકાતામાં માત્ર ૨૪ કલાકમાં જ ૨૫૦ મીમીથી વધુ વરસાદ પડયો હતો જે ૧૯૮૬ પછી આટલા ઓછા સમયમાં પડેલો સૌથી વધુ વરસાદ માનવામાં આવે છે. જ્યારે ૧૩૭ વર્ષ પછી એક જ દિવસમાં છઠ્ઠી વખત આટલો વરસાદ પડયો છે. આ પહેલા કોલકાતામાં ૧૯૭૮ માં ૩૬૯ મીમી વરસાદ નોંધાયો હતો. રાતોરાત આટલો વરસાદ પડતા કોલકાતા જાણે થંભી ગયું છે, મેટ્રો ટ્રેન અટકી ગઇ છે, અનેક ફ્લાઈટો રદ કરવામાં આવી છે. ઠેરઠેર જળબંબાકારને કારણે જનજીવન ખોરવાઇ ગયું હતું. દરમિયાન વીજળીના અર્થિંગને કારણે જ નવ લોકો માર્યા ગયા હતા. સ્થિતિને ધ્યાનમાં રાખીને બંગાળ સરકારે કોલકાતામાં દુર્ગા પૂજા પહેલા જ શાળાઓ-કોલેજોમાં રજાઓ જાહેર કરી દીધી છે. એક જ સમયે આટલો ધોધમાર વરસાદ પડતા મુખ્યમંત્રી મમતા બેનરજી પણ આશ્ચર્યમાં મુકાયા હતા, તેમણે કહ્યું હતું કે મે અગાઉ ક્યારેય પણ આવો વરસાદ નથી જોયો, આઠ લોકો કોલકાતામાં જ્યારે બે લોકો ૨૪ પરગાણસમાં માર્યા ગયા છે. વીજળી પુરી પાડતી ખાનગી કંપની સીઈએસસીએ પીડિતોને પાંચ લાખનું વળતર આપવું જોઈએ. હું કોલકાતાના મેયર, રાજ્યના મુખ્ય સચિવ, વરિષ્ઠ અધિકારીઓના સંપર્કમાં છું. ફરક્કા બેરેજની યોગ્ય રીતે સફાઇ નથી થતી જેને કારણે દર વખતે જ્યારે બિહાર, ઉત્તર પ્રદેશ, મુંબઇ, દિલ્હી દરેક જગ્યાએ વરસાદ પડે છે ત્યારે પાણી ભરાઇ જાય છે.

## પાકિસ્તાનના ફાસ્ટ બોલર આફ્રિદીએ ભારતને આપી ચેલેન્જ, આફ્રીદીએ કહ્યું ફાઇનલમાં જોઈ લઈશું

। (માહિતી) ઈસ્લામાબાદ, તા.૨૫ ।

એશિયા કપ ૨૦૨૫માં પાકિસ્તાને શ્રીલંકા સામે જીત મેળવી લીધા બાદ ભારત અને પાકિસ્તાન સામે ફાઈનલ મેચ થવાની અટકળો વધુ થઈ રહી છે. આ દરમિયાન પાકિસ્તાનના ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીએ સૂર્યકુમાર યાદવના એક નિવેદન પછી જવાબ આપ્યો હતો. જણાવી દઈએ કે સુપર-૪માં પાકિસ્તાન સામે ભારતની જીત બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે ભારત-પાક મેચ અંગે વાત કરી હતી. આ દરમિયાન સૂર્યકુમાર યાદવે આડકતરી રીતે કહ્યું હતું કે, ભારત-પાકિસ્તાન ક્રિકેટ ટીમ વચ્ચે કોઈ સ્પર્ધા છે જ નહીં. ભારતનો જીતનો રેકોર્ડ પાકિસ્તાન કરતાં ઘણો સારો છે. સુપર-૪માં ગુરુવારે બાંગ્લાદેશ સામે પ ાકિસ્તાનની છેલ્લી મેચ રમાશે. આ મેચ પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં આફ્રિદીએ સૂર્યકુમારના નિવેદન મુદ્દે પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું કે, તેમને બોલવા દો. જો કદાચ અમે ફાઈનલમાં પહોંચીશું, તો રવિવારની મેચમાં જોઈ લઈશું. અમે અહીં એશિયા કપ જીતવા આવ્યા છીએ. અમે પૂરી મહેનત કરીશું. આફ્રિદીએ આગળ કહ્યું કે , હજી ભારત ફાઈનલમાં પહોંચ્યું નથી કે નથી અમે ફાઈનલમાં પહોંચ્યા. જો ફાઈનલમાં અમારી મેચ થશે ત્યારે અમે જોઈ લઈશું. સૂર્યકુમાર યાદવે પત્રકારોને સંબોધતાં કહ્યું કે, મને લાગે છે કે તમારે ભારત-પાકિસ્તાન વચ્ચેની હરીફાઈ સામે પ્રશ્નો ઉઠાવવાનું બંધ કરવું જોઈએ. હરીફાઈ કેવી હોય? હાલમાં ભારત-પાકની વચ્ચે T-20માં ૧૫ રમાઈ અને તેમાં ૧૨ મેચ ભારતે અને માંડ ૩ પાકિસ્તાને જીતી.

### ડોનાલ્ડ ટ્રમ્પ ભારતને ઝટકા પર ઝટકા આપી રહ્યા છે

# H-1B વિઝા બાદ કર્મચારીની પસંદગી પ્રક્રિયામાં પણ મોટો ફેરફાર કર્યો

**એક ઈમોશનલ પોસ્ટ કરીને પોતાની નિવૃત્તિની માહિતી આપી : ૧૦૩ ટેસ્ટ મેચમાં ૧૯ સદી ફટકારી હતી**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે વધુ એક મોટા નિર્ણય સાથે લાખો વિદેશી કર્મચારીઓની ચિંતા વધારી દીધી છે. H-1B વિઝા પર ૮૮ લાખ રૂપિયાની વાર્ષિક ફી પહેલાથી જ લાદવામાં આવી છે, અને હવે પસંદગી સિસ્ટમમાં મોટો ફેરફાર લાવવામાં આવ્યો છે. મંગળવારે, US વહીવટીતંત્રે જાહેરાત કરી હતી કે, હાલમાં અમલમાં રહેલી લોટરી સિસ્ટમને નવી પગાર-આધારિત પસંદગી સિસ્ટમથી બદલી શકાય છે.



આ નવો નિયમ ભારતીય કામદારોને અસર કરશે, કારણ કે ભારતીયો H-1B વિઝાના સૌથી વધુ લાભાર્થી છે. પહેલાં, આ વિઝા લોટરી સિસ્ટમ દ્વારા આપવામાં આવતા હતા, પરંતુ હવે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ લોટરીને દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. નવી યોજના હેઠળ, વિઝા પસંદગી ચાર-સ્તરીય પગાર સિસ્ટમ પર આધારિત હશે. આ સિસ્ટમ અમેરિકામાં કામ કરવાનું સ્વપ્ન જોનારા ભારતીયો માટે વધુ મુશ્કેલીઓ ઊભી કરશે. H-1B વિઝા ૧૯૯૦ માં રજૂ કરવામાં આવ્યો હતો. તે ઉચ્ચ શિક્ષિત અને કુશળ વ્યાવસાયિકો માટે USમાં કામ કરવા માટે બનાવવામાં આવ્યો હતો. દર વર્ષે, ૮૫,૦૦૦ લોકોને આ વિઝા આપવામાં આવે છે, જેમાં ૬૫,૦૦૦ સામાન્ય શ્રેણીના અરજદારો માટે અને ૨૦,૦૦૦ એડવાન્સ ડિગ્રી ધારકો માટે અનામત રાખવામાં આવે છે. હાલમાં, વિઝા પસંદગી લોટરી સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે. આ દરેક માટે સમાન તક સુનિશ્ચિત કરે છે, પછી ભલે તે નવો સ્નાતક હોય કે, વરિષ્ઠ કર્મચારી. ૨૦૨૪ માં ૩૯૯,૩૯૫ H-1B વિઝા જાહેર કરવામાં આવ્યા હતા, જેમાંથી ૭૧ ટકા ભારતીયોને ગયા હતા. હવે, US ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ લોટરીને દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. નવી યોજના હેઠળ, વિઝા પસંદગી ચાર-સ્તરીય પગાર પ્રણાલી પર આધારિત હશે:

લેવલ ૧ - એન્ટ્રી-લેવલ કર્મચારી

લેવલ ૨ - લાયક પ્રોફેશનલ

લેવલ ૩ - અનુભવી વ્યાવસાયિક

લેવલ ૪ - વરિષ્ઠ અને ઉચ્ચ વિશેષજ્ઞ

આમાં સમસ્યા એ છે કે, ઉચ્ચ પગાર ધરાવતા ઉમેદવારોને લોટરીમાં અનેક વખત પ્રવેશ આપવામાં આવશે, જ્યારે એન્ટ્રી-લેવલ કર્મચારીઓને ફક્ત એક જ વાર પ્રવેશ આપવામાં આવશે.

**ભારતમાં ડેટા સેન્ટર બનાવવાનો પ્લાન પડતો મૂક્યો**

## ૫૦૦ બિલિયન ડોલરના સ્ટારગેટ પ્રોજેક્ટને અમેરિકામાં બનાવશે OpenAI

। (માહિતી) નવી દિલ્હી, તા.૨૫ ।

થોડા સમય પહેલાં એવી ચર્ચા હતી કે OpenAI ભારતમાં સ્ટારગેટ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. આ માટે રિલાયન્સ સાથે પણ ચર્ચા વિચારણા ચાલી રહી હોવાની ચર્ચા બહાર આવી હતી કે જામનગરમાં દુનિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનાવવામાં આવશે. જોકે હવે OpenAI દ્વારા અમેરિકામાં જ સ્ટારગેટ પ્રોજેક્ટ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે પાંચ ડેટા સેન્ટર બનાવવામાં આવશે. એમાં ઓરેકલ અને સોફ્ટબેંક સાથે મળીને પાર્ટનરશિપ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પૂરો થતાં સ્ટારગેટની કેપેસિટી વધીને ૭૫૩ થઈ જશે. એટલામાં ૫૦ લાખ ઘરને વિજળી પૂરી પાડી શકાય છે. OpenAI આ પાંચ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ડેટા સેન્ટરને અમેરિકામાં બનાવી રહ્યું છે. એમાંથી ત્રણ ઓરેકલ સાથે મળીને અને બે સોફ્ટબેંક સાથે મળીને બનાવવામાં આવી રહ્યાં છે. ઓરેકલના ડેટા સેન્ટર ટેક્સાસની શેકલફોર્ડ કાઉન્ટી, ન્યુ મેક્સિકોની ડોના એના કાઉન્ટી અને ત્રીજું લોકેશન મિડવેસ્ટમાં છે જે હજી સુધી જાહેર કરવામાં નથી આવ્યું.

### તાત્કાલિક સુનાવણીની માગ અંગે ભાવિ CJIનું નિવેદન

## જ્યાં સુધી કોઈને ફાંસી ન થવાની હોય ત્યાં સુધી હું કોઈ તત્કાલ સુનાવણી નહીં કરૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ અને નવેમ્બરમાં ભારતના આગામી ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બનનારા જસ્ટિસ સૂર્યકાંતે આજે એક વકીલની અપીલ પર ઝાટકણી કાઢી હતી. તેમણે એક કેસમાં તાત્કાલિક ધોરણે સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે ન્યાયાધીશોની વ્યથા વિશે ચિંતા વ્યક્ત કરતાં મહત્ત્વની ટિપ્પણી કરી હતી.

એક વકીલે સુપ્રીમ કોર્ટની બેન્ચ સમક્ષ તાત્કાલિક સુનાવણી માટે અરજી કરી હતી, કારણ કે તેમના ક્લાયન્ટના ઘરની તે દિવસે હરાજી હતી. જસ્ટિસ સૂર્યકાંતે આ મામલે જવાબ આપ્યો હતો કે, જ્યાં સુધી કોઈને ફાંસી ન થવાની હોય ત્યાં સુધી હું કોઈ તત્કાલ સુનાવણી નહીં કરૂ. તમે લોકો ન્યાયાધીશોની દુર્દશા સમજી શકતા નથી. શું તમે જાણો છો કે અમે કેટલા કલાક સૂઈએ છીએ?



જ્યાં સુધી કોઈની સ્વતંત્રતા જોખમમાં ન હોય, ત્યાં સુધી તે જ દિવસે સુનાવણીની માંગ ન કરો.

જસ્ટિસ સૂર્યકાન્તની આગેવાની હેઠળની બેન્ચમાં ન્યાયાધીશ ઉજ્જલ ભુઈયાં અને એન. કોટિશ્વર સિંહ હતાં. સામાન્ય રીતે રોસ્ટરના માસ્ટર તરીકે ઝરૈં બી.આર. ગવઈ આવા ઉલ્લેખોની સુનાવણી સાંભળે છે. જો કે, તેઓ હાલમાં પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચમાં વ્યસ્ત હોવાથી બીજા ક્રમના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ તાત્કાલિક કેસોની સુનાવણી કરે છે.

# જર્મનીએ ફિલિપ એકરમેને કુશળ ભારતીય કામદારોને ખુલ્લું આમંત્રણ

। (એજન્સી) જર્મની, તા.૨૫ ।

અન્ય દેશો ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા અમેરિકામાં ચાલી રહેલા H-1B વિઝા પ્રતિબંધોનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. હવે, યુરોપનું સૌથી મજબૂત અર્થતંત્ર ગણાતા જર્મનીએ ભારતીય પ્રતિભાઓને આકર્ષવાનું શરૂ કર્યું છે. ભારતમાં જર્મન રાજદૂત ડૉ. ફિલિપ એકરમેને કુશળ ભારતીય કામદારોને ખુલ્લું આમંત્રણ આપ્યું છે અને જર્મનીને અમેરિકાના સ્થિર અને નફાકારક વિકલ્પ તરીકે રજૂ કર્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક વિડિઓ પોસ્ટ કરીને, તેમણે લખ્યું કે આ મારી તમામ ઉચ્ચ કુશળ ભારતીયોને અપીલ છે. જર્મની તેની સ્થિર ઈમિગ્રેશન નીતિઓ અને IT, મેનેજમેન્ટ, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રોમાં ભારતીયો માટે ઉત્તમ નોકરીની તકો સાથે એક અનોખું સ્થાન ધરાવે છે. વિડિઓ સંદેશમાં, રાજદૂતે સમજાવ્યું કે જર્મનીમાં સૌથી



વધુ કમાણી કરનારાઓમાં ભારતીયો કેવી રીતે છે. તેમણે કહ્યું કે જર્મનીમાં કામ કરતો સરેરાશ ભારતીય સરેરાશ જર્મન કરતાં વધુ કમાણી કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ એક સારી બાબત છે. એકરમેને વધુમાં જણાવ્યું હતું કે ઊંચા પગારનો અર્થ એ છે કે ભારતીયો આપણા સમાજ અને આપણા વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે. અમે સખત મહેનત અને શ્રેષ્ઠ લોકોને શ્રેષ્ઠ નોકરીઓ પ ૂરી પાડવામાં માનીએ છીએ. જર્મન રાજદૂતની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે અમેરિકાએ વિદેશી કામદારો પર પોતાની પકડ કડક કરી છે, H-1B વિઝા ફી પ્રતિ અરજી $100,000 સુધી વધારી દીધી છે. અગાઉ, તે લગભગ $5,000 હતી. આ ફેરફાર ભારતીય ટેક નિષ્ણાતો અને આઉટસોર્સિંગ કંપનીઓ માટે ફટકો છે, જે આ વિઝા પ્રોગ્રામ પર ખૂબ આધાર રાખે છે. ટ્રમ્પ વહીવટીતંત્ર કહે છે કે નવા નિયમો અમેરિકન કામદારોને પ્રાથમિકતા આપવાનો છે. આ ફેરફારો વચ્ચે, જર્મન રાજદૂતે જર્મનીની ઈમિગ્રેશન નીતિની ચર્ચા કરી અને ભાર મૂક્યો કે જર્મનીમાં નિયમો રાતોરાત બદલાતા નથી. તેમણે જર્મનીની ઈમિગ્રેશન નીતિની તુલના વિશ્વ વિખ્યાત જર્મન કાર સાથે કરી. તેમણે કહ્યું, ‘‘અમારી ઈમિગ્રેશન નીતિ કંઈક અંશે જર્મન કાર જેવી કામ કરે છે. તે વિશ્વસનીય, આધુનિક અને અનુમાનિત છે. તે ખાડાવાળા રસ્તાને બદલે સીધી આગળ વધશે. જર્મની હાલમાં વૃ દ્ધોની વસ્તી સાથે ઝઝૂમી રહ્યું છે. નિષ્ણાતોનો અંદાજ છે કે દેશમાં વૃદ્ધ લોકોની વધતી સંખ્યાને કારણે, જર્મન અર્થતંત્રને ૨૦૪૦ સુધીમાં વાર્ષિક આશરે ૨૮૮,૦૦૦ ઈમિગ્રન્ટ્સની જરૂર પડશે. આ માંગને પહોંચી વળવા માટે, જર્મનીએ ૨૦૨૪માં 10% થી વધુ વ્યાવસાયિક વિઝા આપવાની અને ભારતીય કામદારો માટે ફાળવણીમાં નોંધપાત્ર વધારો કરવાની યોજના જાહેર કરી છે. ગયા વર્ષે, જર્મનીએ ૨૦૦,૦૦૦ વ્યાવસાયિક વિઝા આપવાનું વચન આપ્યું હતું,



ગુવાહાટી, આસામમાં ગાયિકા ઝુબીન ગર્ગના મૃત્યુ બાદ સમગ્ર આસામમાં આક્રોશ અને જવાબદારી વધારવાની હાકલ સાથે, નોર્થઈસ્ટ ઇન્ડિયા ફેસ્ટિવલ (NEIF) ના મુખ્ય આયોજક શ્યામકાનુ મહંતના નિવાસસ્થાનની બહાર મીડિયા કર્મચારીઓ એકઠા થયા.

## ભારતે ખૈબર પખ્તૂનખ્વામાં હુમલા બદલ પાકિસ્તાનની ટીકા કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

યુનાટેડ નેશન્સના મંચ પર ભારતે ફરી એકવાર પાકિસ્તાનને આકરો જવાબ આપ્યો છે. માનવાધિકાર પરિષદના મંચ પર ભારતે પાકિસ્તાનને ગેરકાયદે કબજો છોડવાની સલાહ આપી છે. તેમજ આતંકવાદને ટાર્ગેટ કર્યો છે. તદુપરાંત ભારતે ખૈબર પખ્તૂનખ્વામાં હુમલા બદલ પાકિસ્તાનની ટીકા કરી છે. આ હુમલામાં ૨૦થી વધુ લોકોના મોત થયા હતાં.ભારતીય રાજદ્વારી ક્ષિતિજ ત્યાગીએ જણાવ્યું હતું કે, અમારા ક્ષેત્ર પર લોભ રાખવાને બદલે ભારતીય પ્રદેશ પર કરેલો ગેરકાયદે કબજો છોડી દેવો જોઈએ. જ્યારે તેઓ આતંકવાદને પ્રોત્સાહન આપવા, યુએન દ્વારા નિયુક્ત આતંકવાદીઓને આશ્રય આપવા અને પોતાના લોકો પર જ બોમ્બમારા કરવામાંથી ફુરસદ મળે તો તેઓએ લાઈફ સપોર્ટ પર નભેલી અર્થવ્યવસ્થા, લશ્કરના વર્ચસ્વ હેઠળનું રાજકારણ અને તેમના દમનકારી નીતિઓ ધરાવતા પાકિસ્તાને પોતાના માનવાધિકાર રેકોર્ડમાં સુધારો કરવો જોઈએ.’ એક અહેવાલ મુજબ, પાકિસ્તાન વાયુસેનાએ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના તિરાહ ખીણના મત્રે દારા ગામમાં પોતાના જ નાગરિકો પર હવાઈ હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૩૦ લોકો માર્યા ગયા અને સેંકડોથી વધુ ઘાયલ થયા. મૃતકોમાં મહિલાઓ અને બાળકો સમાવિષ્ટ છે. આ હુમલો ૨૧ સપ્ટેમ્બરની રાત્રે થયો હતો, અને ઘણા સ્થાનિક સૂત્રો અનુસાર, પાકિસ્તાની સેનાએ તેના ચીની બનાવટના JF-17 ફાઈટર જેટથી ગામ પર ઓછામાં ઓછા આઠ LS-6 બોમ્બ ફેંક્યા હતા. ગામના લોકોનું કહેવું છે કે આ હુમલામાં આખેઆખું ગામ નાશ પામ્યું હતું.

## ચાલતી બાઈક પર ઊભાં રહી તલવાર ફરકાવતી અને જીપ ચલાવતી બહેનોએ મા દુર્ગાના રૂપની ઝાંખી કરાવી

# રાજકોટમાં જીપ અને બાઈક પર ક્ષત્રિયાણીઓએ દેખાડ્યું શૌર્ય

। રાજકોટ, તા.૨૫ ।

નવરાત્રી માતાજીની આરાધનાનો પવિત્ર ઉત્સવ છે, જે શૌર્ય, સંસ્કૃતિ અને પરંપરાનો અનોખો સંગમ રજૂ કરે છે. રાજકોટના પેલેસ રોડ પર આવેલા રણજિત વિલાસ પેલેસના પ્રાંગણમાં ક્ષત્રિયાણીઓએ તલવાર રાસ કર્યો, જેમાં નારીશક્તિનો જીવંત પરિચય આપવામાં આવ્યો. રસોઈ બનાવતા કોમળ હાથો જ્યારે દેશ અને ધર્મની રક્ષા માટે રણચંડી બની જાય છે, તેવો અદ્ભુત નજારો અહીં જોવા મળ્યો. આ રાસ નવરાત્રિના નૃત્ય અને ભક્તિ સાથે રાજપૂત સમાજની વીર પરંપરાને પુનઃજીવિત કરે છે. રણજિત વિલાસ પેલેસ ખાતે થયેલા તલવાર રાસમાં ક્ષત્રિયાણીઓએ ચાલતી બાઈક પર ઊભાં રહી તલવાર ફરકાવીને અદ્ભુત શૌર્ય દર્શાવ્યું. આ દશ્ય જોઈને ઉપસ્થિતોમાં જાણે મા દુર્ગાનું સાક્ષાત સ્વરૂપ પ્રગટ થયું હોય તેવી



લાગણી પેદા થઈ. રાજપૂત શૈલીમાં જીપ ચલાવતાં તલવાર રાસ પણ થયો, જે ભારતના ખમીરવંતા ઈતિહાસની ઝાંખી કરાવે છે. આ રાસ જોઈને ઘોડેસવાર વિરાંગનાઓની યાદ તાજી થઈ ગઈ, જે રાજપૂત પરંપરાની ગૌરવશાળી વારસો દર્શાવે છે. ગુજરાતના ગરબા માત્ર ત્રણ તાળી કે આધુનિક ડાન્સ સ્ટાઈલ પૂરતા મર્યાદિત નથી. દરેક પ્રાંતના ગરબાનો પોતાનો અલગ અંદાજ છે, અને રાજપૂત સમાજની બહેનો તલવાર રાસ દ્વારા પોતાની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખે છે. આ વર્ષે રણજિત વિલાસ પેલેસમાં ૧૦૦ જેટલી ક્ષત્રિયાણીઓએ એકસાથે તલવાર રાસ કર્યા, જેના દ્વારા હજારો દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા. આ રાસમાં તલવાર ઉપરાંત થાળી જેવા અન્ય રાસ પણ રજૂ થયા, જે રાજપૂત સમાજની વૈવિધ્યતા દર્શાવે છે. આ અનોખું આયોજન ભાગિની ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું, જે છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે, જેમ કે સાફા બાંધવાની તાલીમ, હેરિટેજ વોક, પર્યાવરણ જાગૃતિ અને સૈનિકો માટે ઈકો-ફ્રેન્ડલી રાખડી મોકલવી. વર્ષ ૨૦૦૬થી શરૂ થયેલી આ તલવાર રાસની પરંપરા સમય જતાં વિશાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. ૨૦૨૦માં હજારો ક્ષત્રિયાણીઓએ એકસાથે તલવાર રાસ રમીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો, જે આ પરંપરાની ભવ્યતા અને લોકપ્રિયતાને દર્શાવે છે. રાજવી પરિવારના મહારાણી કાદમ્બરી દેવીએ જણાવ્યું કે, ‘‘રણજિત વિલાસ પેલેસમાં તલવાર રાસનું આયોજન ઘણા વર્ષોથી નિયમિત રીતે થાય છે. દર વર્ષે અમે ક્ષત્રિય સમાજની સંસ્કૃતિ અને માતાજીની આરાધનાની પરંપરા જાળવી રાખવા આ ઉત્સવ ઉજવીએ છીએ.’’ તેમણે ઉમેર્યું કે આ પરંપરા બહેનોને એકબીજાને પ્રેરણા આપવા અને સમાજને નવું કંઈક આપવાનો પ્રયાસ કરે છે. તલવાર રાસ માત્ર નૃત્ય નહીં, પરંતુ માતાજી પ્રત્યેની ભક્તિ અને ક્ષત્રિય સમાજની વીર પરંપરાનું જીવંત પ્રતીક છે. રાજકોટનો તલવાર રાસ નવરાત્રીના ઉત્સવને માત્ર નૃત્ય અને સંગીત પૂરતો મર્યાદિત નથી રાખતો, તેમાં શૌર્ય, સંસ્કૃતિ અને પરંપરાનો સમાવેશ છે. આ રાસ ભારતના ગૌરવશાળી ઈતિહાસ અને નારીશક્તિની ઝાંખી કરાવે છે. ધારદાર તલવાર સાથે રાસ રમતી ક્ષત્રિયાણીઓ દર્શકોને ભારતની વીરાંગનાઓની યાદ અપાવે છે. આ પરંપરા નવરાત્રીના સાચા મહત્વને ઉજાગર કરે છે, જેમાં ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિનું અદ્ભુત સંયોજન જોવા મળે છે.

## સુરતમાં ૭ વર્ષના બાળક પર જર્મન શેફર્ડનો હુમલો

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરત શહેરમાં પાલતુ શ્વાનના હુમલાની એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં પુણા રુદ્રમણિ સોસાયટીમાં રમી રહેલા એક ૭ વર્ષના બાળકને પાલતુ જર્મન શેફર્ડ શ્વાને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ હુમલો શ્વાન માલિકની હાજરીમાં જ થયો હતો. મળતી માહિતી મુજબ, ૭ વર્ષનો બાળક સોસાયટીમાં રમી રહ્યો હતો ત્યારે અચાનક શ્વાને તેના પર હુમલો કરી દીધો. શ્વાને બાળકને કરડીને ગંભીર રીતે ઈજાગ્રસ્ત કર્યો છે. બાળકના શરીરના અનેક ભાગો પર ઊંડા ઘા અને ઈજાઓ પહોંચી છે, જેના કારણે તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. બાળકના પરિવારજનો જ્યારે શ્વાન માલિક પાસે આ અંગે ફરિયાદ કરવા ગયા, ત્યારે માલિકે સહકાર આપવાને બદલે ઉલટાની ધમકી આપી હતી. શ્વાન માલિકે ગેરવર્તણૂક કરતાં કહ્યું કે, ‘‘તમે કંઈ બગાડી નહીં લો, બધાને કોર્ટમાં લઈ જઈશ. જ્યાં ફરિયાદ કરવી હોય ત્યાં કરી દો.’’ આ પ્રકારના ઉદ્ધત વલણને કારણે પરિવારની મુશ્કેલીઓ વધી છે. આ મામલે ન્યાય મેળવવા માટે બાળકનો પરિવાર અને સ્થાનિક લોકો પુણા પોલીસ મથકે પહોંચ્યા હતા. જોકે, પોલીસનું વલણ પણ નિરાશાજનક રહ્યું હતું.

## અમદાવાદમાં રૂ. ૫૦ લાખના ડ્રગ્સ સાથે બે વ્યક્તિ ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ શહેર સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રૂપે (SOG) નિકોલ વિસ્તારમાંથી અંદાજિત ૫૦ લાખ રૂપિયાની કિંમતના હાઈબ્રિડ ગાંજા સાથે બે આરોપીઓની ધરપકડ કરીને એક મોટા નાર્કોટિક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે મુખ્ય સપ્લાયર સહદેવની શોધખોળ શરુ કરી છે. SOGને મળેલી બાતમીના આધારે SOGની ટીમે રાખડીયાળના ધરણીધર એસ્ટેટ પાસે બે વ્યક્તિઓને આંતરીને તેમની પાસેથી ૫૦૦ ગ્રામ હાઈ-પોટેન્સી (વધુ અસરકારક) હાઈબ્રિડ ગાંજો કબજે કર્યો હતો. પકડાયેલા બંને આરોપીઓની ઓળખ પ્રતીક કુમાવત અને રવિ પટેલ તરીકે થઈ છે. બંને આરોપીઓ વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટની જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ નેટવર્ક દ્વારા જપ્ત કરવામાં આવેલા ગાંજાની કુલ કિંમત આશરે ૫૦ લાખ રૂપિયા આંકવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું કે પ્રતીક કુમાવત સી.જી. રોડ પર એક ખાનગી માર્કેટિંગ ફર્મમાં કામ કરે છે, જ્યારે રવિ પટેલ સુરતની એક પ્રિન્ટિંગ કંપનીમાં નોકરી કરે છે. રવિ નિકોલમાં રહેતી માતાની મુલાકાત લેવા અમદાવાદ આવ્યો હતો. રવિ ગાંજાનું નિયમિત સેવન કરનાર છે અને તેની નશો કરવાની આદતે જ તેને આ નેટવર્કમાં ધકેલ્યો હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ કબૂલ્યું કે, તેમણે આ માલ સહદેવ નામના વ્યક્તિ પાસેથી મેળવ્યો હતો, જેનો સંપર્ક તેમને થોડા અઠવાડિયા પહેલા રણુજા ખાતે થયો હતો. બંને આરોપીઓએ સહદેવ પાસેથી ગાંજો લીધાની કબૂલાત કરી છે.

## રિસાઈને ઘરેથી નીકળી ગયેલા ભત્રીજાને શોધવા ગયેલા કાકાનું મોત નિપજ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

દસક્રોઈમાં રહેતો એક યુવક કોઈ કારણોસર ઘરેથી રિસાઈને નીકળી ગયો હતો. જેથી તેના કૌટુંબિક કાકા શોધવા નીકળ્યા હતા. યુવક જેતલપુર રોડ પર ઊભો હતો ત્યારે કાકાને જોઈને ભાગવા જતો હતો. કાકા તેને રોકવા જતા આરોપીએ ગાડી ભગાવી મૂકી હતી અને કાબૂ ગુમાવતા કાકાને ટક્કર વાગી હતી. આરોપી તેના કૌટુંબિક કાકાને સારવાર માટે લઈ ગયો અને હોસ્પિટલમાંથી ભાગી ગયો હતો. આરોપીના કૌટુંબિક કાકાનું સારવાર દરમિયાન મોત નિપજતા અસલાલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દસક્રોઈમાં ૩૬ વર્ષીય કરણસિંહ દરબાર પરિવાર સાથે રહેતા હતા. ગત સોમવારે કરણસિંહના પત્નીએ દિયરને ફોન કર્યો હતો અને જાણ કરી કે કૌટુંબિક ભત્રીજો યોગેશસિંહ ઘરેથી રિસાઈને નીકળી ગયો હોવાથી શોધવા જાય છે. કરણસિંહ તેમના ભત્રીજાને શોધવા નીકળ્યા હતા. આ દરમિયાનમાં રાત્રે યોગેશસિંહ જેતલપુર રોડ પર દેખાતા કરણસિંહ ઊભા રહ્યા ત્યારે યોગેશસિંહ ગાડી લઈને ત્યાંથી નીકળવા જતો હતો ત્યારે કરણસિંહે તેને ઈશારો કરીને ઊભા રહેવાનું કહેતા યોગેશસિંહે ગાડી પરથી કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે કરણસિંહને ગાડીની ટક્કર વાગતા તેમને ઈજા થતા યોગેશસિંહ જ તેના કાકાને સારવાર માટે એલજી હોસ્પિટલ લઈ ગયો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા.

### સફાઈ ઝુંબેશ દરમિયાન દારૂની બોટલ મળી હતી

## આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ યુનિ.ના સ્વચ્છતા અભિયાનમાં પહોંચ્યા

### યુનિવર્સિટી કેમ્પસમાંથી ખાલી બોટલ મળી આવતા યુનિવર્સિટી સ્ટાફે બોટલ સંતાડવાનો પ્રયાસ કર્યો હતો

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાત યુનિવર્સિટીમાં સાપ્તાહિક સ્વચ્છતા અભિયાનમાં દારૂબંધીના નિયમના ધજાગરા ઉડતા જોવા મળ્યા. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ યુનિવર્સિટીના સ્વચ્છતા અભિયાનમાં પહોંચ્યા હતા. જેમાં સફાઈ ઝુંબેશ દરમિયાન આરોગ્ય મંત્રીને દારૂની બોટલ મળી હતી. યુનિવર્સિટી કેમ્પસમાંથી ખાલી બોટલ મળી આવતા યુનિવર્સિટી સ્ટાફે બોટલ સંતાડવાનો પ્રયાસ કર્યો હતો. ગુજરાત યુનિવર્સિટીમા સ્વચ્છતા અભિયાન આયોજિત કરાયું હતું. જેમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ યુનિવર્સિટી પહોંચ્યા હતા. કેમ્પસમાં તેઓએ વિદ્યાર્થીઓ સાથે સફાઈ કરી હતી. પરંતુ શિક્ષણના ધામમાં કંઈક એવું થયું કે, મંત્રીજી પણ ચોંકી ગયા હતા. સફાઈ દરમિયાન મંત્રીજીન હાથમાં દારૂની ખાલી બોટલ આવી ગઈ હતી. જોકે, અહી અસલી ખેલ જોવા મળ્યો. મંત્રીજીએ કોઈ જોઈ ન જાય એ રીતે દારૂની બોટલ સંતાડીને કુલપતિને આપી હતી, અને કુલપતિએ દારૂની ખાલી બોટલને મીડિયાથી છુપાવીને કચરાપેટીમાં નાંખી હતી. સમગ્ર ઘટના ક્રમ વીડિયોમાં કેદ થઈ ગયો હતો. ગુજરાત યુનિવર્સિટીમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતી નિમિતે સ્વચ્છતા એ જ સંકલ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ હાજર રહ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ અલગ અલગ સ્વચ્છતાના પોસ્ટર સાથે ઋષિકેશ પટેલનું સ્વાગત કર્યું હતું. તેમજ ઋષિકેશ પટેલે સ્વચ્છતા એ જ સંકલ્પ કાર્યક્રમને લઈને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને વિદેશી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. વિદ્યાર્થીઓ સાથેના સંવાદ બાદ ઋષિકેશ પટેલે યુનિવર્સિટી કેમ્પસમાં સફાઈ પણ કરી હતી. આ સફાઈ દરમિયાન તેમને યુનિવર્સિટીમાંથી ખાલી દારૂની બોટલ મળી હતી.

## ગરબા સ્થળોએ ફૂડ સ્ટોલ્સમાંથી ૧૩૦ કિલો અખાદ્ય પદાર્થ મળ્યાં

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને શહેરમાં ઠેર ઠેર ખાનગી પાર્ટી પ્લોટ અને મ્યુનિ. પ્લોટ વગેરે જગ્યાએ રાસગરબાના આયોજનમાં વધુ કમાણી માટે ફૂડ સ્ટોલ બનાવીને ભાડે આપવામાં આવતાં હોય છે, આવા અનેક ફૂડ સ્ટોલમાં ખાણીપીણીની ચીજવસ્તુઓની ઉંચી કિંમત વસુલ કરાતી હોવા છતાં બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થનુ વેચાણ થતુ હોવાનુ મ્યુનિ. ફૂડ વિભાગની તપાસમાં ખુલ્યુ છે.મ્યુનિ. ફૂડ વિભાગનો હવાલો સંભાળતાં એડિશનલ હેલ્થ ઓફિસે જણાવ્યું હતું કે, નવરાત્રિનાં પ્રથમ દિવસથી જ મ્યુનિ. ફૂડ વિભાગની ટીમો દ્વારા ગરબા સ્થળોએ ફૂડ સ્ટોલમાં ચેકિંગની કામગીરી આદરી હતી. છેલ્લા બે દિવસમાં જુદા જુદા ગરબા સ્થળોએ ૯૦ જેટલાં ફૂડ સ્ટોલમાં તપાસ કરાતાં ૫૯ કિલો અને ૭૩ લિટર મળીને કુલ ૧૩૦ કિલો બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ મળી આવતાં તેનો નાશ કરાવવામાં આવ્યો હતો.

## વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ ૨૦૨૫ માદક પદાર્થો પ્રત્યે જાગૃતિ રેલી રેલીનું રાઈ યુનિવર્સિટી દ્વારા આયોજન




। (પ્રતિનિધિ) અમદાવાદ, તા.૨૫ ।

વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ દર વર્ષે ૨૫મી સપ્ટેમ્બરે દવાઓની સલામતી, દર્દી માર્ગદર્શન અને સમગ્ર આરોગ્યસંભાળ સહાયમાં તેમની કુશળતા દ્વારા વૈશ્વિક સ્વાસ્થ્યને સુધારવામાં ફાર્માસિસ્ટના મહત્વપૂર્ણ યોગદાનને સ્વીકારવા અને તેનું સન્માન કરવા માટે મનાવવામાં આવે છે. આ દિવસની સ્થાપના ૨૦૦૯ માં આંતરરાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ ફેડરેશન (FIP) દ્વારા વ્યવસાયની ઉજવણી કરવા અને વિશ્વભરના સમાજોમાં તેની નિર્ણાયક ભૂમિકા અંગે જાગૃતિ લાવવા માટે કરવામાં આવી હતી. ફાર્મસી સ્કૂલ, રાઈ યુનિવર્સિટીએ રેલીનું આયોજન કરીને વ્યક્તિગત અને સામાજિક સ્તરે માદક પદાર્થો અને હાનિકારક પ્રભાવ વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓ અને ૧૭ ફેકલ્ટી સભ્યોની ઉત્સાહભરી ભાગીદારી સાથે આયોજિત આ ઈવેન્ટ રાઈ યુનિવર્સિટી દ્વારા આરોગ્ય, સુખાકારી અને સામાજિક જવાબદારી પ્રોત્સાહિત કરવા પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે. ઉપલક્ષ્ય પર પ્રવચન આપતા ફેકલ્ટી સભ્યોએ જણાવ્યુ કે ફાર્માસિસ્ટ માત્ર દવાઓના નિષ્ણાત નથી, પરંતુ આરોગ્ય માર્ગદર્શક પણ છે જે સમાજને રોગ નિર્વાણાત્મક અને જવાબદારીપૂર્વકની દવા ઉપયોગની પ્રથા અંગે શિક્ષિત કરી શકે છે. આ રેલીનું સમાપન વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી દ્વારા ડ્રગ-મુક્ત અને સ્વસ્થ સમાજ માટેનું પ્રતિજ્ઞા પત્ર લેવાની ક્રિયાથી થયું.




## ગાંધીનગરના બહિયલમાં ગરબામાં બે જૂથ વચ્ચે હિંસા, પોલીસે ટીયરગેસનો મારો ચલાવ્યો

### પ્રાપ્ત જાણકારી અનુસાર ૫ ટિયર ગેસ છોડવામાં આવ્યા છે અને ૬ જેટલા પોલીસ વાહનોના કાચ પણ તૂટ્યા હતા

। (પ્રતિનિધી) ગાંધીનગર, તા.૨૫ ।

ગાંધીનગરમાં મોડી રાતે બહિયલ ગામમાં હિંસા ફાટી નીકળી હોવાના અહેવાલ સામે આવ્યા છે. અહીં ગરબા આયોજન પર પથ્થરમારો, દુકાનોમાં તોડફોડ અને આગચંપી જેવી ઘટનાને અંજામ અપાયાની માહિતી સામે આવી છે. પોલીસ તપાસમાં પ્રાથમિક માહિતી અનુસાર એવું જાણવા મળ્યું છે કે કોઈ સોશિયલ મીડિયા પર સ્ટેટ્સ મૂકવાથી મામલો બીચક્યો હતો. મોડી રાતે સ્થિતિ બેકાબૂ થતાં ૬ જેટલા પોલીસ વાહનોમાં તોડફોડ મચાવાઈ હતી. આ દરમિયાન ટોળાને કાબૂમાં લેવા ટીયરગેસનો મારો ચલાવાયો હતો. જોકે સ્થિતિ વધારે ન બગડે તે માટે પોલીસનો કાફલો ગામમાં ખડકી દેવામાં આવ્યો હતો અને હિંસામાં સામેલ તત્વોને શોધી કાઢવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા. માહિતી અનુસાર સૂત્રો જણાવે છે કે પોલીસ જ્યારે સ્થિતિને કાબૂમાં લેવા ગઈ ત્યારે પોલીસ પર જ પથ્થરમારો કરી દેવામાં આવ્યો હતો અને તેમના વાહનોને નુકસાન પહોંચાડાયું હતું. માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા બહિયલ ગામમાં ગરબાનું આયોજન કરાયું હતું. આ દરમિયાન સામાન્ય બાબતે બે જૂથ વચ્ચેની માથાકૂટ હિંસામાં પરિણામી હતી. જેના બાદ આગચંપી, તોડફોડ, પથ્થરમારા જેવી ઘટનાઓને અંજામ અપાયો હતો. હાલમાં ઘટનાસ્થળે પોલીસ કાફલો હોવાથી સ્થિતિ કાબુમાં લેવાયાની માહિતી છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામે બુધવારે ત્રીજા નોરતાએ ૨ સમુદાયના લોકો સામ-સામે આવી જતાં ઘર્ષણ થયું હતું. દહેગામના બહિયલ ગામે બનેલી આ ઘટનામાં સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર જ્યારે ગામમાં ગરબા ચાલતા હતા ત્યારે ગરબાની બાજુના એક વિસ્તારમાંથી ચાલુ ગરબાએ પથ્થરમારો થયો હતો અને એક ટોળું આવ્યું હતુ જેણે પથ્થરમારો કર્યો હતો. તેમના જણાવ્યા અનુસાર ગરબા સ્થળે ૩ બાજુએથી પથ્થરમારો થયો હતો અને ૨૫ જેટલી ગાડીઓના કાચ તૂટયા હતા. આ પથ્થરમારામાં મહિલાઓને ઈજા પહોંચી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર ૫ ટિયર ગેસ છોડવામાં આવ્યા છે અને ૬ જેટલા પોલીસ વાહનોના કાચ પણ તૂટ્યા હતા.